૧ પંચ પરમેષ્ઠિના (૧૦૮), અને જ્ઞાનના (૫૧), દર્શનના (૬૭) ચારિત્રના (૭૦) અને તપના (૫૦) એમ [illegible] ([illegible]) [illegible] નવપદની માળા (તેના ૧૦૦ [illegible] [illegible] ૧૩૦૦૦ [illegible] થાય છે.

કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરિંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ,
પુણ્યે મુક્તિવધુ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

(૮)

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ,
છત્રીશ ગુણ આચાર્યના–જ્ઞાનતણા ભંડાર. ૧
પચ્ચીશ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ,
શ્યામવર્ણ તનુ શોભતા, જિનશાસનના ઇશ. ૨
જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ,
સીત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે દ્રઢ. ૩
એમ નવપદ યુક્તે કરી, ત્રણ શત અડ (૩૦૮) ગુણ થાય,
પૂજે જે ભવી ભાવશું, તેહના પાતક જાય. ૪
પૂજ્યા મયણાસુંદરી, તેમ નરપતિ શ્રીપાળ,
પામ્યા મુક્તિસુખ સદા, વરીયા મંગળમાળ. ૫

(૯)

જય જય શ્રી જિનરાજ! આજ મળીઓ મુજ સ્વામી;
અવિનાશી, અકલંક, રૂપ, જગ અંતરજામી. ૧
રૂપારૂપી, ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ, ભગવાન, જિન શિવગતિના ગામી. ૨
સિદ્ધ, બુદ્ધ, તુમ વંદતાં, સકળ સિદ્ધિ વર બુદ્ધિ;
જેહ પ્રભુ ધ્યાન ધરી, પ્રગટે આતમ ઋદ્ધિ. ૩
કાળ બહુ સ્થાવર ગમ્યો, ભમીઓ ભવમાંહિ;
વિકલેન્દ્રિય એળે ગયો, સ્થિરતા નહિ ક્યાંહિ. ૪

તિરિ પંચેંદ્રિય દેહમાં, વળી કરમે હું આવ્યો; 5
કરી કુકર્મ નરકે ગયો, દરિશન નવિ પાયો.
એમ અનંત કાળે કરીએ, પામ્યો નર અવતાર, ૬
હવે જગતારક તુંહી મળ્યો, ભવજળ પાર ઉતાર.



સ્તવનો

(૧)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નર ભવ લાહો લીજે જી,
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે,
ભવિજન ભજીયેજી. ૧

અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જી.
દેવના દેવ, દયાકર, ઠાકર, ચાકર સુર નર ઇંદાજી.
ત્રિગડે ત્રિભુવનનાયક બેઠા, પ્રણમો શ્રીજિનચંદા. ભવિજન. ૨
અજ, અવિનાશી, અકળ, અજરામર, કેવળ દંસણ નાણીજી,
અવ્યાબાધ, અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી
ભવિજન. ૩

વિદ્યા, સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ, યોગપીઠ જી,
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠ ભવિજન ૪
અંગ, ઉપાંગ, નંદી, અનુયોગ, છ છેદ ને મૂળ ચારજી,
દશ પયન્ના, એમ પણયાલીશ, પાઠક તેહના ધાર. ભવિજન ૫
વેદ ત્રણ, ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ, ચાર કષાયજી,
ચૌદ અભ્યંતર, નવવિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય.
ભવિજન. ૬

ઉપશમ, ક્ષય ઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી,
શ્રદ્ધા પરિણતિ આતમકેરી, નમીએ વારંવાર. ભવિજન, ૭
અઠ્ઠાવીસ, ચૌદ, ને ષટ્ દુગ, એક, મત્યાદિકના ભેદજી;
એમ એકાવન ભેદે પ્રગટ્યો, સાતમે પદ [illegible] નાણ. ભવિજન.૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભ૦૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ. ભ૦ ૧૦
એ નવપદમાં પણ [પાંચ] છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ, ગુરુ ને ધર્મ તે એહમાં, દો, તીન ચાર પ્રકાર. ભ૦ ૧૧
માર્ગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી,
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એણે હેત. ભવિજન૧૨
વિમલેશ્વર સાંનિધ્ય કરે તેહને, ઉત્તમ જેહ આરાધેજી,
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમહિત સાધે.
ભવિજન ૧૩

(૨)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, જિમ પામો [illegible];
શ્રી શ્રીપાલ તણી પરે, સુખ પામો [illegible] નિર્મળ [illegible].
શ્રી સિદ્ધચક્ર આરાધીએ. ૧
નવપદ ધ્યાન ધરો સદા, [illegible];
વિધિ આરાધન સાધવો, [illegible]
[illegible]. શ્રી સિ૦ ૨

કેસર ચંદન કુસુમશું, પૂજીજે હો ઉવેખી ધૂપ કે,
કુંદરૂ અગરુ ને અગરજા, તપદિનત્તા હો તપ કીજે ઘૃતદીપ કે.
શ્રીસિદ્ધચક. ૩

આસો ચૈત્ર શુકલપક્ષે, નવ દિવસે હો તપ કીજે એહ કે,
સહજ સોભાગી સુસંપદા, સોવન સમ હો ઝળકે તસ દેહ કે.
શ્રી સિદ્ધચક ૪

જાવજીવ શકતે કરો, જિમ પામો હો નિત્ય નવલા ભોગ કે,
સાહાચાર વરસ તથા, જિનશાસન હો એ મોટો યોગ કે.
શ્રી સિદ્ધચક. ૫

વિમળદેવ સાન્નિધ્ય કરે, ચક્રેશ્વરી હો કરે તાસ સહાય કે,
શ્રી જિનશાસન સોહીએ, એહ કરતાં હો અવિચળ સુખ થાય કે
શ્રી સિદ્ધચક. ૬

મંત્ર, તંત્ર, મણિ, ઔષધિ, વશ કરવા હો શિવરમણી કાજ કે,
ત્રિભુવન તિલક સમોવડી, હોય તે નર હો કહે નયકવિરાજ કે.
શ્રી સિદ્ધચક ૭

(૩)

અહો ભવિપ્રાણી રે સેવા, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો.
અહો.

જે સિદ્ધચક્ર આરાધે, તેહનો જગમાંહિ જશ વાધે. અહો ૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત,
ત્રીજે પદે રે સૂરીશ, ચોથા ઉવજ્ઝાય ને પાંચમે મુનીશ અહો.૨
છઠ્ઠે દરિસણ કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે,
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ ભાળો. અહો ૩

આયંબિલ ઓળી રે કીજે, નોકારવાળી વીશ ગણીજે;
ત્રિ ટંકના દેવ પડિલેહણ, પડિક્કમણું કીજે. અહો. ૪
ગુરુમુખ ક્રિયા રે કીજે, દેવગુરુ ભક્તિ ચિત્તમાં ધરીજે;
એમ કહે રામનો રે શિષ્યો, ઓળી ઉજવીએ જગીશો. અહો૦ ૫

(૪)

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓળી;
ઓળી કરતાં આપદ જાયે, રિદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવ. ૧
આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે,
આળસ મેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી. અવ૦ ૨
પૂનમને દિન પૂરી થાશે, પ્રેમશું પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાળી. અવ૦ ૩
દેહરે જઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે,
ચોવીસે ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અવ૦ ૪
બે ટંક પડિક્કમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાળ રે;
શ્રી શ્રીપાલતણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવ૦ ૫
સમકિત પામી અંતરજામી, આરાધો એકાંતે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અવ૦ ૬
સત્તર ચોરાણું શુદિ ચૈત્રીએ, બારશે બનાવી રે,
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અવ૦ ૭
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી ચાલે રે,
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપુરીમાં મહાલે. અવ૦ ૮

(૫)

સિદ્ધચક્રને ભજીએ રે, કે ભવિયણ ભાવ ધરી,
મદ માનને સજીએ રે કે કુમતિ દૂર કરી,
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેતતનુ,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધ. ૧
ત્રીજે પદે પીળા રે, કે આચારજ કહીએ
ચોથે પદે પાઠક રે, કે નીલ વર્ણ લહીએ. સિદ્ધ. ૨
પાંચમે પદે સાધુ રે, કે તપ સંયમ શૂરા.
શ્યામ વર્ણે સોહે રે, કે દર્શન ગુણ પૂરા. સિદ્ધ ૩
દર્શન જ્ઞાન, ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો,
ભવિયણ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ. ૪
સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ ભય ન આવે,
કહે **ગૌતમ** વાણી રે, કે **અમૃત** પદ પાવે. સિદ્ધ. ૫

(૬)

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન,
એ નવપદનું ધ્યાન કરતા, પામો શિવનું ઠાણ, ભવિ તુમે૦ ૧
અરિહંત, સિદ્ધ આચારજ, પાઠક, સાધુ સકળ ગુણખાણ.
ભવિ૦ ૨
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન.
ભવિ૦ ૩
આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ભવિ૦ ૪
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવિ૦ ૫
પડિક્કમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બે વાર. ભવિ૦ ૬

દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો જિનરાજ. ભવિ० ૭
બાર, આઠ, છત્રીશ, પચવીશને સત્તાવીશ ગણણાં સાર. ભ० ૮
એકાવન, સીત્તેર, પચાસનો કાઉસગ્ગ કરો સાવધાન. ભવિ० ૯
એક એક પદનું ગુણણું ગણીએ દોય હજાર. ભવિ० ૧૦
એણી વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવપાર. ભવિ० ૧૧
કરજોડી સેવક ગુણ ગાવે, મોહનગુણ મણિમાળ. ભવિ० ૧૨
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ.
ભવિ० ૧૩

(૭)

સિદ્ધચક્ર સેવો રે પ્રાણી, ભવોદધિમાંહે તારક જાણી,
વિધિપૂર્વક આરાધીજે, જિમ અજર અમર પદ લીજે. સિદ્ધ ૧
પ્રથમપદે અરિહંત, બીજે પદે વળી સિદ્ધ ભગવંત,
ત્રીજે પદે આચાર્ય જાણું, ચોથે પદે ઉપાધ્યાય વખાણું. સિદ્ધ ૨
પાંચમે પદે સકલ મુનીંદ, છઠ્ઠે દર્શન શિવસુખકંદ,
સાતમે પદે જ્ઞાન નિપુણ, આઠમે ચારિત્ર ધ્યાન વિશુદ્ધ. સિદ્ધ ૩
નવમે પદ તપ સાર, એક એક પદ જપો દોય હજાર,
નવ આંબિલ ઓળી કીજે, ત્રણ કાળ જિનને પૂજીજે. સિદ્ધ० ૪
દેવવંદન ત્રણ વાર. પડિક્કમણું પડિલેહણ સાર,
ઇણ વિધ કરી જેમ આરાધ્યા, શ્રીપાળ મયણા શિવસુખ પામ્યા.
સિદ્ધ० ૫

(૮)

ભવિયાં! શ્રી સિદ્ધચક્ર આરાધો, તુમે શિવરમણીને સાધો,
એહ નર ભવ દુર્લભ લાધો હો લાલ, નવપદ ધ્યાન ધરીજે. ૧

ત્રણ ટંક દેવ વાંદીજે, ત્રિહું કાલે જિન પૂજીજે,
આંબિલ તપ નવ દિન કીજે હો લાલ. નવ. ૨
શુદિ આસો ચૈત્રજ માસે તપ સાતમથી અભ્યાસે,
પદ સેવ્યા પાતક નાસે હો લાલ નવ. ૩
મયણા ને નૃપ શ્રીપાલે, આરાધ્યો મંત્ર ઉજમાલે,
એહ દુઃખ દોહગને ટાલે. હો લાલ. નવ. ૪
એહની જે સેવા સારે, તસ મયગલ ગાજે બારે,
ઇતિ, ભીતિ અનીતિ નિવારે હો લાલ. નવ ૫
મિથ્યાત્વ વિકાર અનિષ્ટ ક્ષય જાયે, દોષી દુષ્ટ હો લાલ,
ઇણ સેવ્યે સમકિત પુષ્ટ હો લાલ. નવ. ૬
જસવંત જિનેંદ્ર સુસાખે, ભાવે સિદ્ધચક્રના ગુણ ભાખે.
તે જ્ઞાન વિનોદ રસ ચાખે હો લાલ. નવ. ૭

(૯)

[જગજીવન જગવાલહો-એ દેશી]

શ્રી સિદ્ધચક્ર આરાધીયે શિવસુખ ફલ સહકાર લાલરે,
જ્ઞાનાદિક ત્રણ રત્નનું તેજ ચઢાવણહાર લાલરે. શ્રી સિ. ૧
ગૌતમ પૂછંતા કહ્યા **વીર** જિણંદ વિચાર લાલરે,
નવપદ મંત્ર આરાધતાં ફલ લહે ભવિક અપાર લાલરે. શ્રી સિ. ૨
ધર્મ રથના ચાર ચક્ર છે-ઉપશમ ને સુવિવેક લાલરે;
સંવર ત્રીજો જાણીયે, ચોથો સિદ્ધચક્ર લાલરે. શ્રી સિ. ૩
ચક્રી ચક્રને બળ બલે, સાધે સયલ છ ખંડ લાલરે;
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી તેજ પ્રતાપ અખંડ લાલરે. શ્રી સિ. ૪

મયણા ને શ્રીપાલજી, જપતા બહુફલ લીધ લાલરે;
ગુરુ જસવંત જિનેંદ્રનો, જ્ઞાનવિનોદ પ્રસિદ્ધ લાલરે શ્રી સિ.૫



સ્તુતિઓ

(૧)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી;
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી ૧

માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી;
અરિહંત-સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી.
દર્શન-નાણ-ચારિત્ર-તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨

શ્રેણિક રાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કેણે કીધોજી?
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કેણે લીધોજી?
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિકરાય વયણાજી;
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણાજી." ૩

રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાળીજી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઈ, આદિજિન-વીર રખવાળીજી,
વિઘ્ન કોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી;
ભાણવિજય કવિ સેવક નય કહે, સાંનિધ્ય કરજો માયજી ૪

(૨)

જિનશાસન વંછિત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ;
તિહુ કાલે એહની, પૂજા કરે ઉજમાલ; ૧
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાલ
અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય,
મુનિ, દરિસણ, નાણ, ચરણ, તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત સિદ્ધચક્ર સુખદાય, ૨
એ ધ્યાને ભવિના, ભવકોટિ દુઃખ જાય.

આસો ચૈતરમાં, સુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર,
દોય સહસ ગણણું, પદ સમ સાડાચાર, ૩
એકાશી આંબિલ, તપ આગમ અનુસાર.
શ્રી સિદ્ધચક્ર સેવક, શ્રી વિમલેસર દેવ,
શ્રીપાલતણી પરે, સુખ પૂરે સ્વયમેવ;
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ, ૪
શ્રી સુમતિ સુગુરુનો, રામ કહે નિત્યમેવ.

(૩)

અરિહંત નમો, વળી સિદ્ધ નમો
આચારજ, વાચક, સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, ૧
તપ, એ સિદ્ધચક્ર સદા પ્રણમો.

અરિહંત અનત થયા, થાશે,
વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં, દેવવંદન વિધિશું,
આંબિલ, તપ, ગણણું ગણવું વિધિશું. ૨
છહરી પાળી જે તપ કરશે
શ્રીપાળ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે ?
એહવા જિન આગમ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પૂરો,
એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો,
નય વિમલેસર વર આપો. ૪

(૪)

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જિમ **મયણા શ્રીપાળ**.૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે, કોઢી મળીયો કંત;
ગુરુવચણે તેણે, આરાધ્યુ તપ એહ,
સુખ સંપદ વરિયાં તરિયાં ભવજળ તેહ. ૨
આંબિલ ને ઉપવાસ, છઠ્ઠ વલી અઠ્ઠમ,
દશ અઠ્ઠાઇ પંદર, માસ છ માસી વિશેષ;

(૬)

અંગ દેશ ચંપાપુરી વાસી, મયણા ને શ્રીપાળ સુખાશી,
સમક્તિશું મન વાસી, આદિ જિનેશ્વરની ઉલ્લાસી;
ભાવે પૂજા કીધી મન આશી, ભાવ ધરી વિશ્વાસી,
ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી;
થયા સ્વર્ગના વાસી, આસો ચૈત્ર તણી પૂર્ણમાસી,
પ્રેમે પૂજો ભક્તિ વિકાસી, આદી પુરૂષ અવિનાશી. ૧
કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભરી હેમકચોળી,
શુદ્ધ જળે અંઘોળી, નવ આંબિલની કીજે ઓળી;
આસો શુદી સાતમથી ખોલી, પૂજો શ્રી જિન ટોળી,
ચઉગતિમાંહે આપદા ચોળી, દુર્ગતિનાં દુખ દૂરે ઢોળી;
કર્મ નિકાચિત રોળી, કર્મ કષાયતણા મદ રોળી,
જેમ શિવ રમણી ભમર ભોળી, પામ્યા સુખની ઓળી. ૨
આસો શુદ સાતમશું વિચારી, ચત્રી પણ ચિત્તશું નિરધારી,
નવ આંબિલની સારી, ઓળી કીજે આળસ વારી;
પ્રતિક્રમણ બે કીજે ધારી, સિદ્ધચક્ર પૂજો સુખકારી,
શ્રી જિનભાષિત પરઉપકારી, નવદિન જાપ જપો નરનારી;
જેમ લહો મોક્ષની બારી, નવપદ મહિમા અતિ મનોહારી,
જિન આગમ ભાખે ચમત્કારી, જાઉં તેહની બલિહારી. ૩
શ્યામ ભમર રસ સમ વીણા કાળી, અતિ સોહે સુંદર સુકુમાળી,
જાણે રાજમરાળી, જલહલ ચક્ર ધરે રૂપાળી;
શ્રી જિનશાસનની રખવાળી ચક્રેશ્વરી મેં ભાળી,
જે એ ઓળી કરે ઉજમાળી, તેના વિઘ્ન હરે સા બાળી,

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી રચિત

નવપદ-પૂજા

વિધિ.

આ પૂજામાં અવશ્ય જરૂરની કેટલીયેક ચીજોઃ—

દૂધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધ જળ, એ પંચામૃત, કેશર, સુગંધી ચંદન, કર્પૂર, કસ્તૂરી, અમ્બર, રોલી, મૌલીસૂત્ર, છુટાં ફુલ, ફુલોની માળા, ફુલોના ચંદ્રવા, ધૂપ, તન્દુલપ્રમુખ નવ જાતિનાં ધાન્ય, નવ પ્રકારના નૈવેદ્ય, નવ પ્રકારનાં ફળ, નવ-પ્રકારની પક્વ વસ્તુ, મિશ્રી, પતાસાં, ઓલા પ્રમુખ, અંગલુહણાં માટે સફેદ વસ્ત્ર, પહેરવા માટે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર, ઇત્યાદિ, તથા નવ નવ નાળના કળશ, નવ રકેબી, પરાત [તાંસ], તાંસળાં, આરતિ, મઙ્ગલદીપક, ભગવાનની આંગી, સમવસરણ ઇત્યાદિક સર્વ વસ્તુઓ પ્રથમથી એવી રીતે ઠીક કરીને રાખવી કે જેથી પૂજા વખતે અનુકૂળતા રહે. સંક્ષેપમાં વિધિ કહ્યો છે, વિશેષ વિધિ ગુરુગમથી જાણવો.

કળશઢાલન વિધિ

ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાવીએ ત્યારે નવ સ્નાત્રિયા કરવા, મોટા કળશ પ્રમુખમાં પંચામૃત

ભરવું, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરવું, તે ગુરુ પાસે મંત્રાવી, કેશરથી તિલક કરવું. કંકણદોરો હાથે બાંધવો, ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિ યુક્ત સ્નાત્ર ભણાવવુ. પછી શ્રીઅરિહંતપદમા તન્દુલ, ધૂપ-દીપ-નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ નાગરવેલ પ્રમુખના પાન, રકેબી-માં ધરીને, તે રકેબી હાથમાં રાખવી. કળશને મૌલિસૂત્ર બાંધી, કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરી, ને કળશો હાથમાં લઈ, પ્રથમ શ્રીઅરિહંતપદની પૂજા ભણાવવી તે સંપૂર્ણ ભણી રહ્યા પછી, મોટી પરાતમાં [થાલમા] પ્રતિ-માજીને તથા સિદ્ધચક્રજીને પધરાવવા પછી "ૐ હ્રીં નમો અરિહંતાણં " એ પ્રમાણે બોલીને અભિષેક કરી શ્રી અરિહંતપદની પૂજા કરવી. અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવવા.

૨. બીજું-શ્રી સિદ્ધપદ રકત વર્ણે છે, માટે ઘઉ રકેબી-માં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લઈને નવ કળશ પંચામૃતથી ભરી, બીજી પૂજા ભણવી. તે સંપૂર્ણ થયા પછી " ૐ હ્રીં નમો સિદ્ધાણં " એમ કહી કળશથી અભિષેક કરી અષ્ટ દ્રવ્ય ચઢાવવા.

૩. ત્રીજું-શ્રીઆચાર્યપદ પીળે વર્ણે છે, માટે ચણાની દાળ; અષ્ટ દ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઈ, નવ કળશ, પંચામૃતથી ભરી ત્રીજી પૂજાનો પાઠ ભણવો તે સંપૂર્ણ થયા પછી ' ૐ હ્રીં નમો આયરિયાણં " એમ કહી કળશવડે અભિષેક કરવો. અષ્ટદ્રવ્ય ચઢાવવાં.

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી રચિત

નવપદ-પૂજા

વિધિ.

આ પૂજામાં અવશ્ય જરૂરની કેટલીયેક ચીજો:—

દૂધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધ જળ, એ પંચામૃત, કેશર, સુગંધી ચંદન, કર્પૂર, કસ્તૂરી, અમ્બર, રોલી, મૌલીસૂત્ર, છુટાં ફૂલ, ફૂલોની માળા, ફૂલોના ચંદ્રવા, ધૂપ, તન્દુલપ્રમુખ નવ જાતિનાં ધાન્ય, નવ પ્રકારનાં નૈવેદ્ય, નવ પ્રકારનાં ફળ, નવ-પ્રકારની પક્વ વસ્તુ, મિશ્રી, પતાસાં, ઓલા પ્રમુખ, અંગલૂહણાં માટે સફેદ વસ્ત્ર, પહેરવા માટે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર, ઇત્યાદિ, તથા નવ નવ નાળના કળશ, નવ રકેબી, પરાત [તાંસ], તાંસળાં, આરતિ, મંગલદીપક, ભગવાનની આંગી, સમવસરણ ઇત્યાદિક સર્વ વસ્તુઓ પ્રથમથી એવી રીતે ઠીક કરીને રાખવી કે જેથી પૂજા વખતે અનુકૂળતા રહે. સંક્ષેપમાં વિધિ કહ્યો છે, વિશેષ વિધિ ગુરુગમથી જાણવો.

કળશસ્થાપન વિધિ

ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાવીએ ત્યારે નવ સ્નાત્રિયા કરવા, મોટા કળશ પ્રમુખમાં પંચામૃત

ભરવું, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરવુ, તે ગુરુ પાસે મંત્રાવી, કેશરથી તિલક કરવું. કંકણદોરો હાથે બાંધવો, ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિ યુક્ત સ્નાત્ર ભણાવવુ. પછી શ્રીઅરિહંતપદમાં તન્દુલ, ધૂપ-દીપ-નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ નાગરવેલ પ્રમુખનાં પાન, રકેબી-માં ધરીને, તે રકેબી હાથમાં રાખવી. કળશને મૌલિસૂત્ર બાંધી, કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરી, ને કળશો હાથમાં લઈ, પ્રથમ શ્રીઅરિહંતપદની પૂજા ભણાવવી તે સંપૂર્ણ ભણી રહ્યા પછી, મોટી પરાતમાં [થાલમા] પ્રતિ-માજીને તથા સિદ્ધચક્રજીને પધરાવવા. પછી "ૐ હ્રીં નમો અરિહંતાણં" એ પ્રમાણે બોલીને અભિષેક કરી શ્રી અરિહંતપદની પૂજા કરવી અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવવા.

૨. બીજુ-શ્રી સિદ્ધપદ રક્ત વર્ણે છે, માટે ઘઉં રકેબી-માં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લઇને નવ કળશ પંચામૃતથી ભરી, બીજી પૂજા ભણવી. તે સંપૂર્ણ થયા પછી "ૐ હ્રીં નમો સિદ્ધાણં" એમ કહી કળશથી અભિષેક કરી અષ્ટ દ્રવ્ય ચઢાવવા.

૩. ત્રીજું-શ્રીઆચાર્યપદ પીળે વર્ણે છે, માટે ચણાની દાળ; અષ્ટ દ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઈ, નવ કળશ, પંચામૃતથી ભરી ત્રીજી પૂજાનો પાઠ ભણવો તે સંપૂર્ણ થયા પછી 'ૐ હ્રીં નમો આયરિયાણં" એમ કહી કળશવડે અભિષેક કરવો. અષ્ટદ્રવ્ય ચઢાવવાં.

જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે,
નમો તેહ તીર્થંકરા મોક્ષકામે.

ઢાળ

[ઉલ્લાલાની દેશી]

તીર્થંપતિ અરિહા નમું, ધર્મ ધુરધર ધીરોજી,
દેશના અમૃત વરસતા, નિજવીરજ વડ વીરોજી.
ઉલ્લાલો–વરઅખય નિર્મળ જ્ઞાનભાસન, સર્વભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા;
નિજનામકર્મપ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા,
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિક જનને થોભતા.

પૂજા–ઢાળ

[શ્રીપાળના રાસની]

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ,
ચોસઠ ઇંદ્ર પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે;
ભવિકા સિદ્ધચક્રપદ વંદો, જેમ ચિરકાળે નંદો રે. ભવિકા! સિ૦ ૧
એ આંકણી

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકળ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘ ટાળું રે
ભવિકા! સિ૦ ૩

જે તિહુ નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી,
લઈ દીક્ષા શિક્ષા દિયે જનને, તે નમિયે જિન વાણી રે.
ભવિકા! સિ૦ ૩

મહાગોપ, મહામાહણ કહિયે, નિર્યામક સથ્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે.
ભવિકા ! સિ૦ ૪

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાત્રીસ ગુણયુત વાણી;
જે પ્રતિબોધ કરે જગ જનને, તે જિન નમિયે પ્રાણી રે.
ભવિકા ! સિ૦ ૫

ઢાળ

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે. ૧
વીર જિનેસર ઉપદિશે, સાભળજો ચિત્ત લાઇ રે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૨

अथ द्वितीयश्रीसिद्धपदपूजा

કાવ્યમ્

સિધ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોઽણંતચઉક્કયાણં.

[ભુજંગપ્રયાતવૃત્તમ્]

કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા,
જરાજન્મમરણાદિભય જેણે વામ્યા;
નિરાવર્ણ જે આત્મરૂપે પ્રસિદ્ધા,
થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા. ૧
ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા,
રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેશ્યા;

સદાનંદસૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા,
અનાબાધ અપુનર્ભવાદિસ્વરૂપા. ૨

ઢાળ

[ઉલાલાની દેશી]

સકલ કરમમલ ક્ષય કરી, પુરણ શુદ્ધ સ્વરૂપોજી;
અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી. ૧

ઉલાલો-જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી,
સ્વદ્રવ્ય ક્ષેત્ર સ્વકાલ ભાવે, ગુણ અનંતા આદરી;
સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી,
મુનિરાજ માનસહંસ સમોવડ, નમો સિદ્ધ મહાગુણી. ૨

પૂજા-ઢાળ

(શ્રીપાળના રાસની)

સમયપએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ,
અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.
ભવિકા ! સિ૦ ૬

પૂર્વ પ્રયોગ ને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ;
સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે.
ભવિકા ! સિ૦ ૭

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે.
ભવિકા ! સિ૦ ૮

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વિણુ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે.
ભવિકા ! સિ૦ ૯

જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકળ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૧૦

ઢાળ

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ-નાણી રે;
તે ધ્યાતાં નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે. વીર૦ ૩



अथ तृतीयश्रीआचार्यपदपूजा

કાવ્યમ્

[ઇન્દ્રવજ્રાવૃત્તમ્]

સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં.

[ભુજંગપ્રયાતવૃત્તમ્]

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા,
જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા;
ષટ્વર્ગ વર્ગિત ગુણે શોભમાના,
પંચાચારને પાળવે સાવધાના. ૧

ભવિ પ્રાણીને દેશના દેશ કાળે,
સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે;

જિટે શાસનાધાર દિગ્દન્તિકલ્પા,
જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા.

ઢાળ

[ઉલાલાની દેશી]

આચારજ મુનિપતિ ગણિ, ગુણછત્રીશી ધામોજી,
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી. ૧
ઉલાલો–નિઃકામ નિર્મળ શુદ્ધચિદ્ઘન, સાધ્ય નિજ નિરધારથી,
નિજ જ્ઞાન–દર્શન–ચરણ-વીરજ, સાધના વ્યાપારથી;
ભવિજીવ બોધક તત્ત્વશોધક, સયલગુણ સંપત્તિધરા;
સંવરસમાધિ ગતઉપાધિ, દુવિધ તપ ગુણઆગરા. ૨

પૂજા-ઢાળ

[શ્રીપાળના રાસની]

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિયે તેહશું, પ્રેમ કરીને જાચો રે.
ભવિકા ! સિ૦ ૧૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગ બોહે, ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે.
ભવિકા ! સિ૦ ૧૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય,
જેહને તે આચારજ નમિયે, અકલુષ અમલ અમાય રે.
ભવિકા ! સિ૦ ૧૩

જે દિયે સારણ, વારણ, ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુનિમનને રે.
ભવિકા! સિ૦ ૧૪

અત્થમિયે જિન સૂરજ કેવળ, ચંદે જે જગદીવો.
ભુવન પદારથ પ્રકટન પટુ, તે આચારજ ચિરંજીવો રે.
ભવિકા! સિ૦ ૧૫

ઢાળ

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વીર૦ ૪

—⁂—

अथ चतुर्थश्रीउपाध्यायपदपूजा

કાવ્યમ્

[ઇંદ્રવજ્રાવૃત્તમ્]

સુતત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં.

[ભુજઙ્ગપ્રયાતવૃત્તમ્]

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા,
નમું વાચકા ત્યક્તમદમોહમાયા;
વળી દ્વાદશાઙ્ગાદિ સૂત્રાર્થદાને,
જિકે સાવધાના નિરુદ્ધાભિમાને.
ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા,
પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્ય સિંઘા,

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા;
એહવા મુનિ નમિયે જો પ્રગટે, પુરવપુણ્ય અંકુરા રે.
ભવિકા ! સિ૦ ૨૪

સોનાતણી પેરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને.
સંજમખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે;
ભવિકા ! સિ૦ ૨૫

ઢાળ.

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે. ૧ વીર ૬

—⁂—

अथ षष्ठश्रीसम्यग्दर्शनपूजा

કાવ્યમ્

(ઇંદ્રવજ્રાવૃત્તમ્)

જિણુત્તતત્તે રૂઇલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ.

[ભુજંગપ્રયાતવૃત્તમ્]

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા,
ટળે જે અનાદિ અચ્છે જેમ પથ્યા;
જિનોક્તે હોયે સહજથી શ્રદ્ધાનં,
કહિયે દર્શનં તેહ પરમં નિધાનં. ૧
વિના જેહથી જ્ઞાનમજ્ઞાનરૂપં,
ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં;

પરજાય ધર્મ અનન્તતા, ભેદાભેદ સ્વભાવે જી. ૧

ઉલાલો—જે મુખ્યપરિણુતિ સકલજ્ઞાયક, બોધ ભાવવિલચ્છના,
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના;
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા,
સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા. ૨

પૂજા—ઢાળ

(શ્રીપાળના રાસની)

ભક્ષાભક્ષ ન જે વિણુ લહિયે, પેય–અપેય વિચાર,
કૃત્ય–અકૃત્ય ન જે વિણુ લહિયે, જ્ઞાન તે સકલ આધારરે.
ભવિકા ! સિ૦ 31

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વન્દો જ્ઞાન મ નિન્દો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યુ રે.
ભવિકા ! સિ૦ 32

સકલ ક્રિયાનુ મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે,
તેહ જ્ઞાન નિત નિત વન્દીજે, તે વિણુ કહો કેમ રહિયે રે
ભવિકા ! સિ૦ 33

પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપરપ્રકાશક જેહ,
દીપકપરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે
ભવિકા ! સિ૦ 34

લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ,
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે
ભવિકા ! સિ૦ 35

ઢાળ.

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વી૦ ૮

अथ अष्टमश्रीचारित्रपदपूजा.

કાવ્યમ્

[ઇન્દ્રવજ્રાવૃત્તમ્.]

આરાહિઆખંડિઅસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિયસ્સ.

[ભુજઙ્ગપ્રયાતવૃત્તમ્]

વળી જ્ઞાનફળ ચરણ ધરીયે સુરંગે,
નિરાશંસતા દ્વારરોધપ્રસંગે;
ભવામ્ભોધિસંતારણે યાનતુલ્યં,
ધરૂ તેહ ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં. ૧
હોયે જાસ મહિમાથકી રંક રાજા
વળી દ્વાદશાઙ્ગી ભણી હોય તાજા;
વળી પાપરુપોઽપિ નિષ્પાપ થાય,
થઈ સિદ્ધ તે કર્મને પાર જાય. ૨

ઢાળ

[ઉલાલાની દેશી]

ચારિત્રગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી;
પરરમણીયપણું ટળે, સકલ સિદ્ધ અનુકૂલોજી. ૧
ઉલાલો—પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમયી,
શુચિ પરમ ખંતિ મુત્તિ દશ પદ પંચ સંવર ઉપચયી;
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા,
અકષાય અકલુષ અમલ ઉજ્વલ, કામકશ્મલ ચૂર્ણતા. ૨

[મલિનીવૃત્ત.]

ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે. ૫

ઢાળ

[ઉલાલાની દેશી]

ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદેજી,
આતમ સત્તા એકતા, પરપરિણતિ ઉચ્છેદેજી. ૧
ઉલાલો-ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે,
યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે;
અંતર મુહૂરત તત્ત્વ, સાધે, સર્વ સંવરતા કરી,
નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી. ૨

ઢાળ

એમ નવપદ ગુણ મંડલ, ચઉ નિક્ષેપ પ્રમાણેજી,
સાત નયે જે આદરે, સમ્યગ્જ્ઞાને જાણેજી. ૩
ઉલાલો-નિર્ધારસેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ,
તસુ કરણ ઈહા તત્ત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ,
એમ શુદ્ધસત્તા ભળ્યો ચેતન, સકળ સિદ્ધિ અનુસરે,
અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે. ૪

અથ કળશ

[હરિગીત છંદ.]

ઈય સયલ સુખકર ગુણપુરંદર, સિદ્ધચક્ર પદાવલિ

સવિ લબ્ધિ વિજ્જા સિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરુલી;
ઉવજ્ઝાયવર શ્રીરાજસાગર, જ્ઞાન ધર્મ સુરાજતા,
ગુરુ **દીપચંદ** સુચરણ સેવક, **દેવચંદ** સુશોભતા. ૧

પૂજા—ઢાળ

[શ્રીપાલના રાસની]

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુકંદ રે.
ભવિકા ! સિ૦ ૪૧

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમાસહિત જે કરતાંઃ
તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે.
ભવિકા ! સિ૦ ૪૨

આમોસહિ પમુહા લબ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમિયે તપ પદ ભાવે રે.
ભવિકા ! સિ૦ ૪૩

ફળ શિવસુખ મ્હોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરુ સરિખો વંદુ, સમ મકરંદ અમૂલ રે.
ભવિકા ! સિ૦ ૪૪

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવિયે જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે.
ભવિકા ! સિ૦ ૪૫

એમ પદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ;
સુજશવિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે,
ભવિકા! સિદ્ધચક્ર૦ ૪૬

ઢાળ

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજગુણ ભોગે રે. વીર૦ ૧૦
આગમ નોઆગમતણો, ભાવ તે જાણો સાચો રે,
આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે. વીર૦ ૧૧
અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે. વીર૦ ૧૨
યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહતણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે. વીર૦ ૧૩
ઢાળ બારમી એહવી, ચોથે ખંડ પૂરી રે,
વાણી વાચક જસતણી, કોઇ નયે ન અધૂરી રે. વીર૦ ૧૪

કાવ્યમ્.

(દ્રુતવિલમ્બિતવૃત્તમ્

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જન્તુમહોદયકારણમ્;
જિનવરં બહુમાનજલર્ધનં, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ૧
[વિધિ—આ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું.]

—※—

પંડિતશ્રીપદ્મવિજયજીકૃત

નવપદજીની પૂજા

प्रथमश्रीअरिहंतपदपूजा.

દોહા

શ્રુતદાયક શ્રુતદેવતા, વંદુ જિન ચોવીશ;
ગુણ સિધ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીશ. ૧
અરિહંત-સિધ્ધ-સૂરિ નમું, પાઠક મુનિ ગુણધામ;
દંસણ-નાણ-ચરણ વળી, તપ ગુણમાંહે ઉદ્દામ. ૨
ઇમ નવપદ ભક્તિ કરી, આરાધો નિત્યમેવ;
જેહથી ભવદુઃખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ. ૩
તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભવિ ઉલ્લાસ,
ગુણિગુણગણ ગાતાં થકા, લહીયે જ્ઞાન પ્રકાશ. ૪
પ્રતિષ્ઠાકલ્પે કહી, નવપદ પૂજા સાર;
તેણે નવપદ પૂજા ભણુ, કરતો ભક્તિ ઉદાર. ૫

ઢાળ પહેલી

[રાગ ભૈરવ]

પ્રથમ પદ જિનપતિ ગાઇએ ગુણતાત,

પાઇયે વિપુલ ફળ સહજ આપ;
નામ ગોત્રજ સુણ્યાં, કર્મ મહા નિર્ઝર્યાં,
જાય ભવસતતિબધ્ધપાપ. ૧
એક વર રૂપમાં, વરણ પંચે હોયે,
એક તુજ વર્ણ તે જગ ન માયો;
એક તિમ શ્લોકમાં, વરણ બત્રીસ હોએ,
એક તુજ વર્ણ કિણહી ન ગવાયો. ૨
વાચગુણ અતિશયા, પાડિહેરા સયા,
બાહ્ય પણ એ ગુણા, કુણે ન ગાયા;
કેવળ નાણ તહ, કેવળ દંસણ–
પમુહ અભ્યંતરા જિનપ પાયા,
તેહ મુહ પદ્મથી કેમ કહાયા ?

દોહા

જિન ગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દીહ,
બુદ્ધિરહિત, શક્તિ વિકલ, કેમ કહૂં એકણ જીહ. ૬

ઢાળ બીજી

[રાગ દેશાખ]

ભાવ ધરિ ભવી પૂજીયે, તિગ, અડ, પણ, ભેય;
તિમ સત્તરભેદે કરી, પૂજો ગત ખેય. ભાવ૦ ૧
એકવીશ, અડસય, ભેદથી, જિન ભાવ સંભારી,
પૂજો પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી. ભાવ૦ ૨
પૂજા કરતા પૂજ્યની, પૂજ્ય પોતે થાવે,
તુજ પદપદ્મ સેવક નિરો, અક્ષય પદ પાવે. ભાવ૦ ૩

अथ द्वितीयश्रीसिद्धपद पूजा

દોહા

સિધ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય,
જેહ થશે ને થાય છે સિદ્ધ નમો સહુ કોય

ઢાળ ત્રીજી

નમો સિધ્ધાણું હવે પદ બીજે, જે નિજ સંપદ વરીયા,
જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા કે;
સિધ્ધ બુધ્ધકે સ્વામિ નિજ રામી કે
હાંરે વાલા પ્રણમો નિજ ગુણ કામી રે,
ગુણકામી ગુણકામી ગુણવંતા, જે વચનાતીત હુઆ રે,
એ આંકણી. ૧
ક્ષાયિક સમકિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ;
અવગાહન અગુરુલઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે. સિધ્ધ૦ ૨
ઇમ અડકર્મ અભાવે અડગુણ, વળી ઇગતીરી કહેવાય;
વળી વિશેષે અનંત અનત ગુણ, નાણ નયણ નિરખાય
નિત્ય નિત્ય વંદના થાય કે. સિધ્ધ૦ ૩

દોહા

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમુ સિધ્ધ અનંત,
ફર્સસત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત ૮

ઢાળ ચોથી

[રાગ ફાગ]

સિધ્ધ ભજો ભગવંત પ્રાણી ! પૂર્ણાનંદી. સિધ્ધ૦
લોકાલોક લહે એકસમયે, સિધ્ધ વધૂ વરકંત, પ્રાણી૦

દ્વાદશાંગ સજ્ઝાય કરણકું, જે નશદિન તત્પર હો. રગીલે૦ ૩
ઉવજ્ઝાય નિર્યામક પામી, તું તો એ ભવસાયર સુખે તર હો.
રંગીલે૦ ૪

જે પરવાદી મતગજકેરો, ન ધરે હરિ પરે ડર હો. રગીલે૦ ૫
ઉત્તમ ગુરુ પદ પદ્મ સેવનતે, પકડે શિવવધુ કર હો.
રગીલે૦ ૬

દોહા

આચાર જ મુખ આગળે, જે યુવરાજ સમાન,
નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન ૧૨

ઢાળ આઠમી

(જિનવચને વૈરાગીયો હો ધન્ના—એ દેશી)

નમો ઉવજ્ઝાયાણં જપો, હો મિત્તા !
જેહના ગુણ પચ્ચવીશ, રે એકાગર ચિત્તા ! એ પદ ધ્યાવો રે;
એ પદ ધ્યાવો ધ્યાનમાં રે મિત્તા !, મૂકી રાગ ને રીશરે. એકા. ૧

અંગ ઇગ્યાર પૂર્વધરા હો મિત્તા ! પરિષહ સહે બાવીશ,
ત્રણ ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા !, ભાવે ભાવના પચ્ચવીશ રે.
એકા૦ ૨

અંગ ઉપાંગ સોહામણા, હો મિત્તા !, ધરતા જેહ જગીશ,
[illegible] પદ [illegible]થી [illegible] મિત્તા !, [illegible]દી આનુયોગ જગીશ
એકા૦ ૩

અથ પઞ્ચમશ્રીસાધુપદપૂજા

દોહા.

હવે પંચમપદે મુનિવરા, જે નિર્મમ નિસંગ;
દિન દિન કંચનની પરે, દીસે ચઢતે રંગ. ૧૩

ઢાળ નવમી

(રાગ વસંત—મો મન ભવન વિશાલ સાંઇયા, મોહન—એ દેશી.)

મુનિવર પરમ દયાલ ભવિયાં ! મુનિ૦
તુમે અનુમોને ભાવ વિશાલ, ભવિયાં ! મુનિ૦ એ આંકણી
કુખી સંબલ મુનિવર ભાખ્યા, આહાર દોષ ટાળે બિયાલ;
ભવિયાં ! મુનિ૦
બાહ્ય અભ્યંતર પરિગ્રહને છાંડી, છાંડી સવિ જંજાલ;
ભવિયાં ! મુનિ૦ ૧
જેણે એ ઋષિનું શરણ કર્યું તિણે, પાણી પહેલી બાંધી પાળ;
ભવિયાં ! મુનિ૦
જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વના કાળ.
ભવિયાં ! મુનિ૦ ૨
સંયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાળ,
ભવિયાં ! મુનિ૦
ઈમ મુનિગુણ ગાવે તે પહેરે, સિદ્ધવધૂ વરમાળ.
ભવિયાં ! મુનિ૦ ૩

દોહા.

પાંચે ઇંદ્રિય વશ કરે, પાળે પંચાચાર,
પંચ સમિતિ સમિતા રહે, વંદું તે અણગાર ૧૪

સહસ તેવીશ દોષ રહિત નિહારા, આવશ્યક દોય વારા હો૦ ૩
પરિષહ સહનાદિક પરકારા, એ સબ હે વ્યવહારા હો૦ ૪
નિશ્ચય નિજ ગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો૦ ૫
મોહાદિક પરભાવસેં ન્યારા, દુગ નય સંયુત સારા હો૦ ૬
પદ્મ કહે ઇમ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વરહારા હો૦ ૭



અથ નવમશ્રીતપઃપદપૂજા

દોહા

દઢપ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર;
પણ તપના પ્રભાવથી, કાઢ્યાં કર્મ કઠોર. ૨૧

ઢાળ સત્તરમી

(પુરૂષોત્તમ સમતા છે તાહરા ઘટમાં—એ દેશી)

તપ૦
તપ કરીયે સમતા રાખી ઘટમાં
તપ કરવાલ કરાલ લે કરમાં, લડીએ કર્મ અરિભટમાં. તપ૦૧
ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર સહુજટમાં તપ૦૨
એક અચરિજ પ્રતિસ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં. તપ૦૩
કાલ અનાદિકો કર્મ સંગતિથે, જીઉ પડીયો જયું ખટપટમાં.તપ૦૪
તાસ વિયોગ કરણ એ કરણું, જેહો નવિ ભમિયે ભવતટમાં.તપ૦૫
ટાળે પુરાણ તે કર્મ નિર્જરે, એ સમ નહી સાધન ઘટમાં.તપ૦૬
ધ્યાન તપે સવિ કર્મ જલાઈ, શિવવધુ વરીયે ઝટપટમાં. તપ૦ ૭

દોહા

વિઘ્ન ટળે તપ ગુણથી, તપથી જાય વિકાર,
પ્રશંસ્યો તપ ગુણથી, વીરે ધન્નો અણગાર. ૨૨

ઢાળ અઢારમી

[સચ્ચા સાંઇ હો, ડંકા જોર બજાયા હો—એ દેશી.]

તપસ્યાં કરતાં હો ડંકા જોર બજાયા હો. એ આંકણી

ઉજમણું તપ કેરા કરતાં, શાસન સોહ ચઢાયા હો;
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ૧
અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લબ્ધિ અડવીસા હો;
વિષ્ણુકુમારાદિક પરે જગમાં, પામત જયત જગીશા. તપ૦૨
ગૌતમ અષ્ટાપદ ગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો;
જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમા સહિત મુનિરાયા. તપ૦૩

સાડાબાર વર્ષ જિન **ઉત્તમ**, વીરજી ભૂમિ ન ઠાયા હો;
ઘોર તપે કેવળ લહ્યા તેહના, **પદ્મવિજય** નમે પાયા. તપ૦ ૪

કળશ

[રાગ–ધનાશ્રી]

આજ મ્હારે ત્રિભુવન સાહેબ તૂઠો, અનુભવ અમૃત વુઠો;
ગુણી અનુયાયી ચેતના કરતાં, કિશુંઅ કરે મોહ રૂઠો.
ભવિ પ્રાણી હો૦ આજ૦ ૧
એ નવપદનું ધ્યાન ધરંતાં, નવ નિધિ ઋદ્ધિ ઘરે આવે;
નવ નિયાણાનો ત્યાગ કરીને, નવ ક્ષાયિક પદ પાવે.
ભવિ૦ આજ૦ ૨
વિજયસિંહસૂરિશિષ્ય અનુપમ, ગીતારથ ગુણ રાગી;

છત્ર, દંડાસણ, આચમની, ચામર, હાંડા, ત્રાંબાકુંડી, મોરપિચ્છી, ત્રાબડી, અષ્ટમાંગલિક, વાટકી, સ્થાપનાનાં ઉપકરણ, આરતી, કચોળા, વાટકા, ધૂપધાણું, થાળી, અગરબત્તી, મંગલ દીપક, પુંજણી, બરાસ, અગર, ચંદરવા, પૂંઠીયા, કેસર ઘસવાના ઓરશીયા, પ્યાલા, પ્રભાવના, તોરણ, દીવી, નવગ્રહની સ્થાપના, હીરા ચોત્રીશ, માણેક એકત્રીશ, પીરોજી પીળે વર્ણે છત્રીસ, લીલમ પચ્ચીશ, સોનેરી વરખ ૧૦૦, ચુનીયો કાલે વર્ણે સત્તાવીશ અથવા પાચ, મોતી નંગ ૨૩૮, રૂપાના વરખ ૧૦૦, લાખેણો હાર એક, શ્રીફળના ગોટા પંચવર્ણી.

જ્ઞાનનાં ઉપકરણ

શ્રીપાળરાસની બુકો, લેખણ, ઓલીયાં, બીજાં પુસ્તકો, ચપ્પુ, પાટી, ગણણાની ટીપ, કાતર, પુસ્તક રાખવાના ડાબલા, રૂમાલ, દોરા, પાઠાં, ડાબલી, ચાબખી, ઠવણી, ખડિયા, વાસક્ષેપના વાટકા, કવલી, વતરણાં, સાપડા, સાપડી, પાટલી, કાંબી.

ચારિત્રનાં ઉપકરણ

પાત્રાં, પટલા, ઝોળી, ચોલપટ્ટા, સથારીયા, કાંબલી, કપડા, દાંડા, ઓઘા, મુહપત્ત, કલ્પસૂત્ર, તરપણી, ચરવલા, ચરવલાની દાંડી.

એ રીતે શુદ્ધ ભાવે દરેક ઉત્તમ વસ્તુઓ મૂકવી

શ્રી અમૃતવેલની સજ્ઝાય

ચેતન જ્ઞાન અજુવાલીએ, ટાલીયે મોહ સંતાપરે;
ચિત્ત ડમડોળતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપરે. ચે. ૧

ઉપશમ અમૃત રસ પીજીયે, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીયે, દીજીયે સજ્જનને માન રે. ચે. ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીયે, ભાખીયે વયણ મુખ સાચ રે;
સમકિત રત્ન રૂચિ જોડીયે, છોડીયે કુમતિ મતિ કાચ રે. ચે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે. ચે. ૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે. ચે. ૫

શરણ બીજુ ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે:
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ચે. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ચે. ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે:
જે સુખ હેતુ જિનવર કહ્યો, પાપ જલ તારવા નાવ રે. ચે. ૮

ચારનાં શરણુ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધિ રે. ચે. ૯

ઇહ ભવ પર ભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ ઘાત રે. ચે. ૧૦

ગુરુતણાં વચન તે અવગણી, ગુંથીયા આપ મત જાલ રે;
બહુ પરે લોકને ભોળવ્યાં, નિંદિયે તેહ જંજાલ રે. ચે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખિયા કીધલો કામ ઉન્માદ રે. ચે. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુવા, જે કીયો કલહ ઉપાય રે. ચે. ૧૩

જૂઠ જે આળ પરને દિયાં, જે કર્યાં પિશુનતા પાપરે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે. ચે.૧૪

પાપ જે એહવા સેવિયાં, તેહ નિંદિયે ત્રિહું કાલ રે,
સુકૃત અનુમોદના કીજિયે, જિમ હોયે કર્મ વિગલ રે. ચે. ૧૫

વિશ્વ ઉપગાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે,
તે ગુણ તાસ અનુમોદિયે, પુણ્ય અનુબંધ શુભ યોગ રે. ચે ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે,
જેહ આચાર આચાર્યનો, ચરણવન સિંચવા મેહ રે. ચે. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે,
સાધુનો જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે. ચે ૧૮
જેહ વિરતિ દેશ શ્રાવકતણી, જેહ સમકિત સદાચાર રે;

સમકિતદૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે. ચે. ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિન વચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે. ચે. ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ચે.૨૧

થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણુ રે,
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણુ રે. ચે. ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાવનાશયતણું ઠામ રે. ચે. ૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ચે. ૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે,
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ચે ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે,
જ્ઞાનરૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ચ. ૨૬

રાગ વિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં. સારતાં કર્મ નિશેષ રે. ચે. ૨૭

દેખિયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;
જેહ અણુછોડતાં ચાલિયે, પામીયે જેમ પરમધામ રે. ચે. ૨૮

શ્રીનયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશ રંગરેલ રે. ચે. ૨૯

શ્રી વિવિધ તપ વિધિ.



વીશ સ્થાનક તપ વિધિ.

(૧)

શુભ મુહૂર્તે ગુરુ સમીપે વિંશતિ સ્થાનક તપ, વિધિપૂર્વક ઉચ્ચરવો. એક ઓળી બે માસથી છ માસ સુધીમા પૂર્ણ કરવી. કદાચ છ માસની અંદર એક ઓળી પૂર્ણ ન થાય તો કરેલી(ચાલતી ઓળી)નો ફરીથી આરંભ કરવો પડે. એક ઓળીમાં વીશ પદ છે. તેમાં વીશે દિવસોમાં વીશ પદ જુદાં જુદાં ગણવાં. અથવા એક ઓળીના વીશ તપના દિવસોમા એક જ પદ ગણવુ, બીજા વીશ દિવસોમાં બીજું પદ ગણવું. એ રીતે વીશ ઓળીએ (૪૦૦ દિવસે) વીશ પદ પૂર્ણ કરવાં. દરેક પદની આરાધના કરવાને સારી શક્તિવાળાએ અઠ્ઠમ કરીને પ્રત્યેક પદની આરાધના કરવી. એ રીતે કરવાથી વીશ અઠ્ઠમે એક ઓળી પૂર્ણ થાય, અને વીશ ઓળી ચારસો અઠ્ઠમે પૂર્ણ થાય. તેથી હીન શક્તિવાળાએ છઠ્ઠ કરવા, તેથી હીન શક્તિવાળાએ ચઉવિહાર ઉપવાસ, તે ન બને તો તિવિહાર ઉપવાસ, તે ન બને તો આયંબિલ,

નીવી અને એકાસણાએ કરી આરાધવી. ૧ આચાર્ય પદ, ૨ ઉપાધ્યાય પદ, ૩ સ્થવિર પદ, ૪ સાધુ પદ, ૫ ચારિત્ર પદ, ૬ ગૌતમ પદ, ૭ તીર્થપદ એ સાત પદોમાં બની શકે તો જરૂર પૌષધ કરવો. આરાધનાના દિવસે બે વખત પ્રતિક્રમણ તથા ત્રણ વાર દેવવંદન અને બે વાર પડિલેહણ અવશ્ય કરવું. તથા બ્રહ્મચર્ય જરૂર પાળવું. ભૂમિશયન કરવું. આખો દિવસ જે પદ ચાલતું હોય તેનુ સ્મરણ કરવુ. તપને દિવસે આરાધ્ય પદના જેટલા ગુણ હોય તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી કરવો. તેટલા સાથીઆ, તેટલી પ્રદક્ષિણા તથા તેટલાંજ ખમાસમણાં દેવાં. તપ પૂર્ણ થયે ઉદ્યાપન યથાશક્તિ અવશ્ય કરવું. વિશેષ વિધિ ગુરુમહારાજ પાસેથી જાણી લેવી. વીશ પદનું ગુણણું નીચે પ્રમાણે છે.

	સા.	ખ.	લો.	ન.
૧ ૐ નમો અરિહંતાણં.	૧૨	૧૨	૧૨	૨૦
૨ ૐ નમો સિદ્ધાણં.	૩૧	૩૧	૩૧	૨૦
૩ ૐ નમો પવયણસ્સ.	૨૭	૨૭	૨૭	૨૦
૪ ૐ નમો આયરિયાણં	૩૬	૩૬	૩૬	૨૦
૫ ૐ નમો થેરાણં.	૧૦	૧૦	૧૦	૨૦
૬ ૐ નમો ઉવજ્ઝાયાણં.	૨૫	૨૫	૨૫	૨૦
૭ ૐ નમો લોએ સવ્વસાહૂણં	૨૭	૨૭	૨૭	૨૦
૮ ૐ નમો નાણસ્સ.	૫૧	૫૧	૫૧	૨૦
૯ ૐ નમો દંસણસ્સ.	૬૭	૬૭	૬૭	૨૦
૧૦ ૐ નમો વિણયસંપન્નસ્સ	૫૨	૫૨	૫૨	૨૦
૧૧ ૐ નમો ચારિત્તસ્સ	૭૦	૭૦	૭૦	૨૦

પ્રમાણે કરવાથી અડસઠ ઉપવાસ અથવા એકાસણાં થાય છે. આ ઉપવાસ અથવા એકાસણાં લગોલગ કરવા, અથવા શક્તિ ન હોય તો સંપદાએ પારણું કરીને કરવા. (સંપદા ૭ પદની ૭ અને આઠમા અને નવમા પદની સંપદા એકજ ગણવી) ઉપવાસ કરે તો એકાંતરા પણ કરે. તેમાં પારણે બેસણું કરવું.

ઉદ્યાપનમાં રુપાના પતરા ઉપર સુવર્ણની લેખણ વતી પંચ પરમેષ્ટિનો મંત્ર લખીને જ્ઞાનપૂજા કરવી. અડસઠ અડસઠ ફળ, પુષ્પ, રુપાનાણું, પકવાન્ન વગેરે ઢોકવાં. ગુરુ-પૂજા, સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. પોતપોતાની સંપદાએ ગુણણું ગણવું.

		સા.	ખ.	લો.	નો.
(૧)	નમો અરિહંતાણું.	૭–	૭–	૭–	૨૦
(૨)	નમો સિદ્ધાણું.	૫–	૫–	૫–	૨૦
(૩)	નમો આયરિયાણું.	૭–	૭–	૭–	૨૦
(૪)	નમો ઉવજ્ઝાયાણું.	૭–	૭–	૭–	૨૦
(૫)	નમો લોએ સવ્વસાહૂણું.	૯–	૯–	૯–	૨૦
(૬)	એસો પંચ નમુક્કારો	૮–	૮–	૮–	૨૦
(૭)	સવ્વ પાવપ્પણાસણો.	૮–	૮–	૮–	૨૦
(૮)	મંગલાણં ચ સવ્વેસિં.	૮–	૮–	૮–	૨૦
(૯)	પઢમં હવઇ મંગલં	૯–	૯–	૯–	૨૦

પ્રથમ પદના સાત અક્ષર માટે સાત ઉપવાસ કરવા. બીજા પદના પાંચ અક્ષર માટે પાંચ ઉપવાસ કરવા. ત્રીજાથી સાત પદ સુધી દરેક સંપદાના અક્ષરો પ્રમાણે ઉપવાસો લાગટ કરે. આઠમી અને નવમી સંપદાએ શક્તિ હોય તો

૧૭ ઉપવાસ એકી સાથે કરે અને શકિત ન હોય તો પહેલા આઠ કરી, પારણું કરે અને ફરી નવ ઉપવાસ કરે. દરેક પદનું ગુણણું એક એક લાખ ગણે અને જો આઠમી અને નવમી ભેગી કરે તો એ બે પદનો ભેગો બે લાખ જાપ કરે. પ્રથમ પદનો તપ કરે ત્યારે સાત દિન સુધી "નમો અરિહંતાણું" નો એક લાખ જાપ કરે. એવી રીતે જે જે પદનો તપ કરે તે તે પદનો જાપ એક લાખ કરે અને જો શકિત ન હોય તો દરેક પદનું બે હજાર ગુણણું ગણે. જો અડસઠ ઉપવાસ અથવા એકાસણા ન કરી શકે તો તેણે નવ એકાસણાં લગોલગ કરવાં.



વર્ધમાન તપ ઓળી કરવાની વિધિ

(૪)

આયંબીલવડે વૃદ્ધિ પામતો જે તપ તે આયંબીલ વર્ધમાન તપ કહેવાય છે. તેમાં ઉપવાસના આંતરાવાળા આયંબીલ એકથી આરંભીને સો સુધી ચઢતાં ચઢતાં કરવાં. એટલે કે પહેલું એક આયંબીલ પછી ઉપવાસ, પછી બે આયંબીલ ઉપર ઉપવાસ, પછી ત્રણ આયંબીલ ઉપર ઉપવાસ, પછી ચાર આયંબીલ ઉપર ઉપવાસ, પછી પાંચ આયંબીલ ઉપર ઉપવાસ કરવો. આ પાંચ ઓળીઓ તો લાગટ કરવી. પછી છ આયંબીલ ઉપર ઉપવાસ કરવો. વળી વિસામો લઇ સાત આયંબીલ ઉપર ઉપવાસ કરવો. એમ ચઢતાં ચઢતાં છેવટ ૧૦૦ આયંબીલ ઉપર ઉપવાસ કરવો. ત્યારે આ ઓળી પૂરી થાય. એ પ્રમાણે સતત કરતાં ૫૦૫૦ આયંબીલ ને

૧૦૦ ઉપવાસ થાય. એટલે ૧૪ વર્ષ, ૩ માસ અને ૨૦ દિવસે સંપૂર્ણ થાય. આ તપનો વિધિ નીચે પ્રમાણે છે. બે ટંક પ્રતિક્રમણ, બે ટંક પડિલેહણ, ત્રણ ટંક દેવવંદન, ભૂમિશયન અને બ્રહ્મચર્ય આટલું તો જરૂર કરવું.

ૐ હ્રીં નમો અરિહંતાણં અથવા ૐ હ્રીં નમો સિદ્ધાણં અથવા ૐ હ્રીં નમો તવસ્સ આ પદમાંથી ગમે તે પદની નોકારવાળી ૨૦ ગણવી. બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ, બાર ખમાસમણાં, બાર સાથીયા, ૨૦ નોકારવાળી ગણવી. દુહાઓ નીચે પ્રમાણે છે.

(૧) ૐ હ્રીં નમો અરિહંતાણં એ પદથી ગુણણું ગણે તો આ દુહો બોલી ખમાસમણાં દેવાં.

પરમ પંચ પરમેષ્ઠિમાં પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિન ભાણ. ૧.

(૨) ૐ હ્રીં નમો સિધ્ધાણં એ પદથી ગુણણું ગણે તો આ દુહો બોલી ખમાસમણાં દેવાં.

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજ્જ્વલ, અષ્ટ કર્મ મળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨.

(૩) ૐ હ્રીં નમો તવસ્સ એ પદથી ગુણણું ગણે તો આ દુહો બોલી ખમાસમણાં દેવાં.

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ, પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ.

આ ત્રણ પદમાંથી ગમે તે એક પદને અથવા ત્રણે પદનું ગુણણું ગણે, ખમાસમણાં દે અને કાઉસ્સગ્ગ કરે.

વિશેષ વિધિ ગુરુગમથી જાણી લેવી.

અક્ષયનિધિ (તાંબડીવ્રત) તપનો વિધિ

(૫)

(૧) **અ**ક્ષયનિધિ તપની શરૂઆત —આ તપની શરૂઆત એવી રીતે કરવાની હોય છે કે ભાદરવા શુદિ ૪ એટલે સંવત્સરીના દિવસે આ તપના સોળ દિવસ પૂરા થવા જોઇએ. એટલે પાસખમણ-પંદરના ઘરની પહેલા એક દિવસ અગાઉ, પ્રાયઃ શ્રાવણ વદિ ૪ના દિવસે આ તપ શરૂ કરવો જોઇએ. પ્રવેશ કર્યા પછી બનતી શક્તિયે તેને પૂર્ણ કરવો જોઇએ. ચાર વર્ષ સુધી આ તપની આરાધના કરવાની છે. એકંદરે ૬૪ દિવસ સુધી અક્ષયનિધિ તપની આરાધના કરવી

(૨) પ્રવેશ દિવસની વિધિઃ—સોનાનો, ચાંદીનો કે કોઈપણ ધાતુનો કળશ, અથવા શક્ત ન હોય તો માટીનો રંગબેરંગી ઘડો જ્યાં દરરોજ ક્રિયા કરવાની હોય તે સ્થાને ડાંગરની ઢગલી કરી તે ઉપર સ્થાપવો જોઈએ. ઘડાની ઉપર શ્રીફળ (નાળીએર) મૂકી લીલા કે પીળા રેશમી વસ્ત્રવડે કુંભને બાંધી રાખવો. સોળ દિવસ સુધી આ ઘડાને સાચવીને રાખવાનો છે જ્યારે સમુદાયને માટે એક સ્થાપનાનો ઘડો જુદો રાખવો. તેની સમીપે બની શકે તો સોળે દિવસ ઘીનો અખંડ દીવો રાખવો અને તે ઘડાની આગળ સાથીઓ કરી શ્રી કલ્પસૂત્ર પધરાવવું.

(૩) દરરોજની સામાન્ય વિધિ —સોળ દિવસ સુધી સવાર સાંજ પ્રતિક્રમણ અને પડિલેહણ કરવું. ભૂમિ પર સંથારો કરવો. બ્રહ્મચર્યનું પાલન કરવું. દેવપૂજા કરવી ત્રણ ટંક દેવવંદન કરવું. દરરોજ ગુરુવંદન, વ્યાખ્યાન શ્રવણ,

વગેરે અવશ્ય કરવું. રોજ એકાસણાનું પચ્ચકખાણ, કરવું. સંવત્સરીના દિવસે ઉપવાસનું પચ્ચખાણ કરવું. રોજ "નમો નાણસ્સ" પદની વીશ નોકારવાળી ગણવી. સંપૂર્ણ વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. વીશ સાથીયા કરવા. દરરોજની ક્રિયા કર્યા બાદ એકેક પસલી ચોખા બદામ તેમજ રૂપાનાણું પોતાના ઘડામાં નાખવું, જેથી સોળમે દિવસે ઘડો ભરાઈ જવો જોઈએ. રોજ રૂપાનાણાથી જ્ઞાન પૂજન કરવું.

(૪) આ તપને અંગે વિશેષ વિધિઃ–તપના છેલ્લા દિવસે કુંભની સમીપે રાત્રિ જાગરણ કરવું. પૂજા પ્રભાવના વગેરે શાસનપ્રભાવનાના કાર્યો, દ્વારા વિધિપૂર્વક અને યથાશક્તિ સુંદર ધર્મ પ્રભાવના કરવી જોઈએ. પારણાના દિવસે (ભાદરવા શુદિ પાચમના) આ તપના ઉજમણારૂપ વરઘોડો ચડાવવો જોઈએ. વરઘોડામાં પોતપોતાના તપના ઘડાને પુષ્પની માળા પહેરાવી, શણગારી સૌભાગ્યવતી સ્ત્રીને માથે રાખવા વરઘોડાના દિવસે યથાશક્તિ ફળ નૈવેદ્યના થાળ ભરીને સ્ત્રીના માથે રાખવા. વરઘોડો નગરમાં ફરીને આવે દેરાસરે કુંભવાળી સ્ત્રીઓએ ત્રણ પ્રદક્ષિણા કરી પ્રભુ પાસે ફળ મૂકવા નૈવેદ્ય ઢગ બીજેના થાળ પણ પ્રભુ પાસે ધરવા. જ્ઞાનના પુસ્તકને ગુરૂમહારાજ પાસે લઈ ત્યાં પધરાવી ગુરૂપૂજન અને જ્ઞાનપૂજન રૂપાનાણાથી કરવું. તે દિવસે યથાશક્તિ સાધર્મિકવાત્સલ્ય, પૂજા, પ્રભાવના વગેરે અવશ્ય કરવું. શ્રી જૈનશાસનની પ્રભાવના માટે આ તપને કરવાની ધર્મી આત્માઓની આવશ્યક ફરજ છે.

ચૈત્યવંદનની વિધિ – (પ્રથમ ઈરિયાવહી કરવી. પછી

ઇચ્છા૦ સંદિસહ ભગવન્ અક્ષયનિધિ તપ આરાધન નિમિત્તે ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું)

શાસનનાયક સુખ કરણુ, વર્દ્ધમાન જિનભાણુ, અહનિશ એહની શિર વહુ, આણા ગુણમણિ ખાણ (૧) તે જિનવરથી પામીયા, ત્રિપદી શ્રી ગણધાર, આગમરચના બહુવિધ, અર્થ વિચાર અપાર. (૨) તે શ્રી શ્રુતમાં ભાખીયાએ, તપ બહુવિધ સુખકાર, શ્રી જિન આગમ પામીને, સાધે મુનિ શિવ સાર. (૩) સિદ્ધાંતવાણી સુણવા રસિક, શ્રાવક સમકિત ધાર, ઈષ્ટ સિધ્ધિ અર્થે કરે અક્ષયનિધિ તપ સાર. (૪) તપ તો સૂત્રમાં અતિ ઘણાં, સાધે મુનિવર જેહ; અક્ષયનિધાનને કારણે, શ્રાવકને ગુણ ગેહ. (૫) તે માટે ભવિ તપ કરો, એ સર્વ ઋધ્ધિ મળે સાર; વિધિશું એ આરાધતા. પામી ને ભવપાર. (૬) શ્રી જિનવર પૂજા કરો, ત્રિક શુધ્ધે ત્રિકાલ, તેમ વળી શ્રુત જ્ઞાનની, ભકિત થઈ ઉજમાળ. (૭) પડિક્કમણાં બે ટંકના બ્રહ્મચર્યને ધરીએ, જ્ઞાનીની સેવા કરી, સેજે ભવજળ તરીએ. (૮) ચૈત્યવંદન શુભ ભાવથીએ સ્તવન થોઈ નવકાર, શ્રુતદેવી ઉપાસના ધીરવિજય હિતકાર. (૯) પછી જંકિંચિ કહીને નમુત્થુણં કહેવું. પછી બે જાવંતિ કહી નમોઽર્હત્ કહી નીચે પ્રમાણે સ્તવન કહેવુ.

(લાવો લાવોને રાજ મોંઘા મૂલા મોતી.) એ દેશી.

તપવર કીજેરે, અક્ષયનિધિ અભિધાને,
સુખભર લીજે રે, દિન દિન ચડતે વાને. .(એ આંકણી.)

પર્વ પજૂસણ પર્વ શિરોમણિ, જે શ્રી પર્વ કહાય; માસખાસ છઠ દસમ દુવાલસ, તપ પણ એ દિન થાય. તપ૦ ૧

વાસુપૂજ્યસ્વામીની પૂજા કરવા પૂર્વક સાત વર્ષ અને સાત માસ સુધી કરવો. એટલે કે–દર માસે જે દિવસે રોહિણી નક્ષત્ર હોય તે તે દિને ઉપવાસ, આયંબિલ કે નીવિ વિગેરે-થી તપ કરવો. જો એક પણ રોહિણી નક્ષત્ર ભૂલી જવાય તો ફરીથી આરંભ કરવો. 'શ્રીવાસુપૂજ્યસર્વજ્ઞાય નમઃ' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. સા૦ ખ૦ કા. વિગેરે ૧૨-૧૨ ગણવા.

સિધ્ધિતપનો વિધિ

(૧૨)

પ્રથમ એક ઉપવાસ, પારણે બેસણું કરવું. પછી બે ઉપવાસ અને પારણે બેસણું. એ પ્રમાણે આઠ ઉપવાસ સુધી કરવું. તેનું ગુણણું નીચે પ્રમાણેઃ–૧ શ્રીઅનન્તજ્ઞાનસંયુક્તાય શ્રી સિધ્ધાય નમઃ' ૨ 'શ્રીઅનન્તદર્શનસંયુક્તાય શ્રી સિધ્ધાય નમ·' ૩ 'શ્રી અવ્યાબાધગુણસં૦ શ્રી સિ॰ નમ·' ૪ 'શ્રી અનંતચારિત્ર સં૦ શ્રી સિ૦ નમ' ૫ 'શ્રી અક્ષયસ્થિતિ સં૦ શ્રી સિ૦ નમ·' ૬ શ્રી અરૂપીનિરંજન સં૦ નમઃ ૭ શ્રી અગુરૂલઘુગુણસં૦ શ્રી સિ૦ નમ અને ૮ શ્રી અનંતવીર્ય ગુણસંયુક્તાય શ્રી સિદ્ધાય નમ [દરેક ઓળીઓ તે તે પદની નવકારવાળી દરરોજ ૨૦-૨૦ ખ૦ સા૦કા૦ ફળ વિગેરે ૮-૮]

विमलेश्वर-चक्रेश्वरीपूजिताय श्रीसिद्धचक्राय नमः ॥

શ્રી શ્રીપાલ ચરિત્ર

✻

લે० પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર.

✻

માલવ દેશમાં ઉજ્જયિની નગરી છે. ત્યાં પ્રજાપાલ રાજા રાજ્ય કરે છે. તે રાજાને સૌભાગ્યસુંદરી અને રૂપસુંદરી નામે બે પટ્ટરાણીઓ છે. સૌભાગ્યસુંદરી શૈવધર્મી અને રૂપસુંદરી જૈનધર્મી છે. બન્નેને એકેક પુત્રી છે. એકનું નામ સુરસુંદરી છે, અને બીજીનું નામ મદનાસુંદરી છે.

બન્ને યોગ્ય વયમાં આવતાં ઉપાધ્યાયની પાસે વિદ્યા ગ્રહણ કરે છે. મદનાસુંદરી જૈન ધર્મનું જ્ઞાન મેળવી વિનય, વિવેક અને ઔચિત્ય આદિ ગુણોથી સંસ્કારી થઈ. અને સુરસુંદરીએ શૈવધર્મનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

એક દિવસે, બન્ને રાજકુમારીઓ પોત-પોતાના વિદ્યાગુરુની સાથે રાજસભામાં આવી, અને પ્રજાપાલ રાજાએ એ બન્નેની બુદ્ધિ, કલા, તથા સંસ્કારની પરીક્ષા કરવા કહ્યું: 'બોલો બેન પુણ્યથી શું મળે ?' તરતજ સુરસુંદરીએ ઉતાવળમાં જવાબ આપ્યો: 'પિતાજી ! ધન યૌવન, ચતુ-

ચારી, નિરોગી શરીર, અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ, આ બધુ પુણ્યથી પ્રાપ્ત થાય છે.'

આ સાંભળી પ્રજાપાલ રાજા અને લોકો ખૂબ ખુશ થયા. ત્યારબાદ રાજાએ મદનાને આનો જવાબ પૂછ્યો. શાંત તેમજ વિવેકી મદનાએ કહ્યું. 'પિતાજી! વિનય, વિવેક, સમાધિ તથા શીલથી પવિત્ર દેહ અને મોક્ષમાર્ગની આરાધના, આ સઘળુ પુણ્યથી મળે છે.' મદનાનો જવાબ, રાજા તેમજ ત્યાં બેઠેલા લોકોને ગમ્યો નહિ.

રાજાએ સુરસુંદરીને પૂછ્યું, 'તારે કેવો વર જોઇએ છે?' તે વેળા શંખપુરીનો યુવરાજ અરિદમન સભામાં સુરસુંદરીની સામે જ બેઠો હતો. રૂપવાન અને સુંદર એવા તેને જોઇને સુરસુંદરીએ કહ્યુ, 'પિતાજી આપ સઘળાયના વાંછિતને આપનાર કલ્પવૃક્ષ છે, અને આપનાજ અમે સુખ ભોગવીએ છીએ.' સુરસુંદરીનાં આ વચનોથી રાજા ખૂબ જ આનંદ પામ્યો. એટલે સુરસુંદરીએ કહ્યું. 'આપની કૃપાથી આ સામે બેઠેલ રાજકુમાર મારો વર હો.' રાજાએ તરતજ બન્નેનો વિવાહસંબંધ ત્યા નક્કી કર્યો.

પ્રજાપાલે મદનાસુંદરીને પૂછ્યું; 'બોલ બેન, તારે કેવો વર જોઇએ છે?' એટલે વિવેકી મદના લજ્જાથી મૌન રહ્યા, છતા આગ્રહથી રાજાએ ફરીથી પૂછ્યું. એટલે એના જવાબમાં શાણી મદનાએ કહ્યું: 'પિતાજી! આપ વિવેકી હોવા છતા, આટલા બધાની વચ્ચે આવું અયોગ્ય શું પૂછો છો? કારણ કે, કુલીન કન્યાઓ 'આ મારો વર હો' એમ કહે નહિ, પણ મા-બાપ જે પતિ પસંદ કરે તે જ કુલીન બાળાઓને પ્રમાણ હોય છે. પિતાજી! પોતાની

પુત્રીને પતિ સાથે સંબંધ જોડવામાં માતા-પિતા કેવળ નિમિત્ત છે. જીવો વર્તમાન કાલે જેની સાથે સંબંધથી જોડાય છે તે પ્રાય: પૂર્વકાલના શુભાશુભ કર્મના યોગે બને છે. કન્યા પુણ્યશાળી હોય તો ખરાબ કુળમાં આપી હોય છતાં સુખી થાય છે. અને જો પુણ્યહીન હોય તો સારા સ્થાને આપવા છતાં દુ:ખી થાય છે, માટે સમજુ એવા આપે એવો ગર્વ કરવો યોગ્ય નથી કે 'મારી જ કૃપાથી સુખ અને અવકૃપાથી દુ:ખ મળે છે,' કારણ કે સહુ જીવો પોત-પોતાનાં પૂર્વકૃત શુભાશુભના યોગે વર્તમાનમા સુખ-દુ:ખને પ્રાપ્ત કરે છે.'

ધર્મશીલ મદનાસુંદરીનાં વિવેકપૂર્વકના આ વચનો સાંભળતાં પ્રજાપાલને રોષ ચઢયો. રોષથી ધમધમતો ગજા મદનાને પૂછે છે, 'દીકરી! જો એમ જ છે, તો તુ આ બધા સુંદર વસ્ત્રો, અલંકારો પહેરી અત્યારે આનંદ કરે છે, એ કોના પ્રતાપે?' જવાબમાં હસતાં હસતાં ધીર અને સુશીલ મદના વિનયપૂર્વક પિતાને કહે છે, 'પિતાજી! મારા પૂર્વ જન્મના શુભ કર્મના યોગે હું આપને ત્યાં જન્મી છું. અને એથી જ અત્યારે સુખ ભોગવી રહી છું. આપ મારા ઉપકારી છો, પણ પુણ્યથી જ આપ મને સુખમાં રાખી શકો છો. સુર કે અસુર; રાજા કે ચક્રવર્તી, કોઈનામાં પણ એ શક્તિ નથી કે પૂર્વકૃત શુભાશુભ કર્મનાં પરિણામને નિષ્ફળ બનાવી શકે.'

મદનાસુંદરીના આ જવાબથી પ્રજાપાલનો રોષ વધ્યો. એનાં મુખ પર લાલાશ આવી. ભૃકુટી ઉગ્ર બની. એને મનમાં લાગી આવ્યું કે, 'આ કોડકાઢી મદનાએ આટલા બધા

લોકોની વચ્ચે મને હલકો પાડયો. મદના મારૂં કર્યું કાંઈ જ માનતી નથી.' આમ રોષથી ખિન્ન થયેલા રાજાને સભામાં બેઠેલા લોકોએ કહ્યું, : સ્વામિન્! આ નાદાન મદના કાંઈ સમજતી નથી. આપે એનાં વચનોનો સ્હેજ પણ વિચાર કરવા જેવો નથી. આપ જ આ જગતમાં કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત આપનાર છો. અને આપ જેના પર રોષાયમાન થયા હો, તેના માટે યમ જેવા ભયંકર છો.'

આ સાંભળી મદનાસુંદરી પિતાને ફરીથી કહે છે; ‘પિતાજી! આ લોકો કેવળ સ્વાર્થના યોગે આપની સમક્ષ આમ જૂઠું બોલે છે, જો આપની કૃપાથી સુખ મળતું હોય તો આપની સેવા કરનારા સેવકો બધા જ સુખી કેમ નથી? માટે આપે જે મને પતિ માટે પૂછ્યું તેના જવાબમાં મારે એજ કહેવાનું કે–‘આપને જે યોગ્ય લાગે તે પતિ મારા માટે હો!’ પણ જો મારૂં પુણ્ય જાગતું હશે, તો નિર્ગુણ પણ પતિ ગુણવાન બનશે, અને હું પુણ્યહીન હઈશ તો ગુણવાન પણ મારે માટે નિર્ગુણ બનશે.'

મદનાનાં આ શબ્દો સાંભળી, કોપથી ધમધમતો પ્રજાપાલ ખૂબખૂબ અકળાઈ ઉઠયો. મંત્રીએ અવસર જોઈ રાજસભા બરખાસ્ત કરી, અને મંત્રીની સાથે રાજા રવાડી માટે નગર બહાર ગયા.

૨

અંગદેશમાં ચંપા નામે નગરી હતી. તે નગરીમાં સિંહરથ રાજા રાજ્ય કરે છે. તે રાજાને કમલપ્રભા નામે પટરાણી હતી. સિંહરથ રાજાને મોટી વયે કમલપ્રભાની કુક્ષિ પુત્ર થયો. રાજ્યધુરાનું પાલન કરનાર હોવાથી તે બાળ-

કનુ નામ શ્રીપાળ પાડયું. પાંચ ધાવમાતાઓથી લાલન-પાલન પામતો શ્રીપાળ જ્યારે બે વર્ષનો થયો ત્યારે સિંહરથ રાજા અકસ્માત શુળરોગથી મૃત્યુ પામ્યો.

મતિસાગર મંત્રીએ બાળક શ્રીપાલને રાજગાદી પર સ્થાપ્યો, પણ સિંહરથના ભાઇ અજિતસેને ચંપાને ઘેરી લીધી, અને રાજ્યના બધા માણસોને ફોડી નાંખ્યા. જેથી બાળક શ્રીપાલનો જીવ બચાવવા રાજમાતા કમલપ્રભા ચંપાનગરીમાંથી રાતોરાત એક દાસી સાથે નાસી છૂટયા. આ પણ કર્મની લીલા છે. એક વખતે જેનો પડયો બોલ વધાવી લેવા સેંકડો દાસ-દાસીઓ હાજર રહેતા તે રાજ-માતા, ઘોર જંગલમાં રાત્રીના સમયે રાજકુમારને કેડે બેસાડી રસ્તો કાપી રહ્યા છે. કાંટા પથરાઓથી દુર્ગમ જંગલના રસ્તામાં રાજમાતા થાકે છે, બાળક કંટાળે છે, છતાં ધીરજથી તેઓ આગળ વધતા રહ્યા.

એટલામાં સવાર થયું. અને સાતસો યુવાન વયના કોઢીયા માણસોનો સમુદાય રાજમાતાને મળ્યો. તેઓના પૂછવાથી કમલપ્રભાએ બધું વૃત્તાંત તે લોકોને કહ્યું. એટ-લામા અજિતસેને મોકલેલા સૈનિકો કમલપ્રભાની પૂંઠે ત્યાં આવ્યા. કોઢીયા માણસોએ એ લોકોને પાછા કાઢયા. એ સાતસો માણસોની સાથે ફરતાં-ફરતા કમલપ્રભા ઉજ્જયિની નગરીમાં આવ્યા.

કોઢીયા માણસોના પરિચયથી શ્રીપાલના શરીરે કોઢ નીકળ્યો. એ રોગના ઉપચારને માટે કમલપ્રભા કૌશાંબી નગરીમાં પ્રસિદ્ધ વૈદને મળવા ગયા અને સાતસો કોઢી-યાઓ દેશ પરદેશમાં ફરવા નીકળ્યા. પછી ફરતાં-ફરતાં

તેઓ ઉજ્જયિનીમાં આવ્યા અને શ્રીપાલકુમારને ખચ્ચર પર બેસાડી તે લોકો તેમની સેવા કરતાં કરતાં નગરીમાં ફરી રહ્યા છે.

૩

પ્રજાપાલ રાજા, પોતાના પરિવારની સાથે ઉજ્જયિનીની બહાર રાજરસ્તેથી જઈ રહ્યા છે, એવેળા ઉંબરાનું ટોળું રાજાની સામે આવે છે. રાજા મંત્રીને કહે છે; 'સામેથી જે કોઈ આવતું હોય તેને બીજા રસ્તે જવાનું કહો.' મંત્રીએ ટોળાની પાસેથી બધા સમાચાર મેળવી, રાજાને બીજા રસ્તે વળવાનું કહ્યું. એટલામાં એ ટોળાના માણસો રાજાની નજીકમાં આવ્યા, તેમાંથી ગલિતાંગુલિ નામનો સરદાર આવી, રાજાને કહે છે; 'સ્વામિન્! અમે દેશ-પરદેશમા ફરીને અહિં આવ્યા છીએ. અમારા રાણાને માટે એક રાણી જોઈએ છે. અમે તમારી કીર્તિ સાંભળીને તમારી સમક્ષ તે માટે પ્રાર્થના કરવા આવ્યા છીએ.'

આ સાભળી મંત્રીએ કહ્યુ; 'ભાઈ! આવા કોઢીયાને કોઈ પોતાની દીકરી આપે ખરો કે?' જવાબમાં ગલિતાંગુલિ બોલ્યો, 'મંત્રીશ્વર! અમે તો સાંભળ્યું છે કે-માલવદેશના રાજા કોઈની પ્રાર્થનાનો ભંગ કરતા નથી, માટે અમે વિનંતિ કરીએ છીએ કે, 'કોઈ દાસીની કે વિલાસિનીની કન્યા હોય તો અમારા રાણાને આપો, એટલે અમારે ઘણું થયું.' પ્રજાપાલે આ સાંભળતા જ તેને જવાબ આપ્યો. 'તમારે જે જોઈએ છે તે હું આપીશ, તમે રાજ મંદિરમા આવજો.'

રાજા રયવાડીયેથી પાછા ફર્યા તેણે નક્કી કર્યું. 'મય-ણાએ ભરસભામાં મારું આજે અપમાન કર્યું છે. તેથી

એ ઉદ્ધત મદનાને બરાબર ખબર પાડી દઉં.' રાજમહેલમાં આવી રાજાએ તરત જ મદનાને બોલાવી, અને ગુસ્સામાં કહ્યું. 'જો હજુ પણ મારી કૃપાથી સુખ છે, એમ તું માનતી હો, તો તને કોઈ રાજકુમારની સાથે પરણાવી હું સુખી કરૂં. બાકી, જો કર્મને જ માનતી હો તો, લે તારા કર્મથી આ કોઢીયો આવ્યો છે. એની સાથે તું પરણી લે. મારે હવે બીજું કાંઈ તને કહેવાનું નથી.'

મદનાસુંદરી હસતાં હસતાં બોલ્યા; 'પિતાજી! મારા કર્મમા જે હશે તે મારે પ્રમાણ છે.' આમ કહી મદનાએ તે ઉંબર રાણાનો હાથ, પોતાના હાથમાં લીધો. તરત જ ત્ય તે બન્નેનું પાણિગ્રહણ થઈ ગયું. રાજ કુટુંબમાં આ બનાવથી ખૂબજ ખળભળાટ થયો. મદનાસુંદરીના માતા રૂપસુંદરી, પોતાના ભાઈના ઘેર ચાલ્યા ગયા. મદનાસુંદરી ઉંબર રાણાની સાથે નગરીના રાજરસ્તા પરથી નીકળી તેમનાં આવાસમાં આવ્યા.

સમસ્ત ઉજ્જયિનીમાં આ એક જ વાત ચર્ચાઈ રહી. કોઇ મદનાસુંદરીની ઉધ્ધતાઈને વખોડે છે. કોઈ રાજાના અવિચારી કાર્યની નિંદા કરે છે. કેટલાકો મદનાની માતા રૂપસુંદરીની નિંદા કરે છે. તેમજ કેટલાક લોકો જૈન ધર્મની પણ નિંદા કરી રહ્યા છે.

ખરેખર અજ્ઞાન લોકોને સારાસારનો વિવેક હોતો નથી.

૪

રાત પડવા આવી. વાતાવરણમાં શૂન્યતા પથરાઈ. વેળા ઉંબર રાણાએ મદનાને કહ્યું: 'આર્યા રાજકુમારી! ક્રોધના આવેશમાં અંધ બનેલા રાજાએ આ અકાર્ય કર્યું છે.

હજુ કાંઈ બગડયું નથી, માટે કોઈ ઉત્તમ રાજકુમારની સાથે પરણી તમારાં આ સુંદર શરીરને સફળ કરો. નહિતર મારા સંગથી તમારી કંચન જેવી કાયા રોગી બનશે.'

મદનાસુંદરીનાં વજ્ર જેવાં કઠણ હૃદયમાં પણ ઉંબર રાણાનાં આ શબ્દો, આઘાત ઊપજાવનારાં નીવડયાં. એમની આંખોમાંથી આંસુઓની ધાર વહેતી થઈ. તેમણે શાંત પણ મક્કમ અવાજે ઉંબરરાણાને કહ્યું; નાથ! આપ મને બીજું બધું કહી શકો છો, પણ ફરીથી આવાં પાપવચનો મને નહિ કહેતા. એકતો અમારો સ્ત્રીજન્મ, પાપના યોગે મળે છે. અને આ જન્મમાં અમારામાં શીલ ન હોય તો એના જેવી અધમતા બીજી કઇ હોઈ શકે? શીલ એ જ અમારું સર્વસ્વ છે. એથીજ મારે માટે મરણ પર્યંત આપ આશ્રય છો. મારૂં જે થવાનું હોય તે થાય પણ આમાં સ્હેજ પણ ફેરફાર નથી.'

મદનાસુંદરીની દઢતા, પવિત્રતા તેમજ ઉત્તમતાથી ઉંબરરાણો ખૂબ જ આનંદ પામ્યો. બીજે દિવસે મદના-સુંદરી, ઉંબરરાણાની સાથે ભગવાન શ્રી ઋષભદેવસ્વામિનાં મંદિરે દર્શન કરવા ગયા. ત્યાંથી તેઓ આચાર્યમહારાજ શ્રી મુનિચંદ્રસુરિજીને વંદન કરવા ઉપાશ્રયમાં ગયા. તે વેળા વ્યાખ્યાન ચાલી રહ્યુ હતું, વ્યાખ્યાન પૂર્ણ થયા પછી આચાર્ય મહારાજે મદનાને પૂછ્યું: 'વત્સે!' ઉત્તમ લક્ષણોથી યુક્ત આ કોણ ભાગ્યશાળી છે?'

જવાબમાં મદનાસુંદરીએ બધું વૃત્તાંત કહી સંભળાવ્યું. અને તેણે આચાર્ય મહારાજને કહ્યું; 'ભગવન્! મને બીજું કંઈજ દુઃખ નથી, પણ લોકો આ નિમિત્તે જૈન

ધર્મની જે નિંદા કરીરહ્યા છે, એનું નિવારણ થાય એવો ઉપાય આપ ફરમાવો !' આચાર્ય મહારાજે જવાબમા કહ્યું: 'રાજકુમારી ! તું શાણી તેમજ વિવેકી છો. તું જાણે છે કે, જૈન સાધુઓ સાવદ્ય ઉપાય ન કહી શકે, પણ શ્રી નવપદ ભગવંતની આરાધના કરવાથી બધાં વિઘ્નો શમી જશે.'

આચાર્ય મહારાજના ઉપદેશથી મદનસુંદરી તેમજ ઉંબરરાણાએ શ્રી નવપદની આરાધના આસો સુદિ ૭ થી શરૂ કરી. આયંબીલની તપશ્ચર્યાથી ઉંબરરાણાના આત્મામાં નિર્મળતા પ્રગટી. શ્રી સિદ્ધચક્રજીનાં સ્નાત્ર જલના પ્રભાવે તેમનાં શરીરનો કોઢ ઓછો થયો. નવ દિવસોમાં એ મૂળથી શમી ગયો. ઉંબર રાણાની સાથેના સાતસો કોઢીયાઓનો રોગ પણ શ્રી નવપદ ભગવંતના પુણ્યપ્રભાવે મૂળથી ચાલ્યો ગયો.

એક અવસરે ઉંબરરાણો અને મદનાસુંદરી જિનમંદિરમાંથી બહાર નીકળ્યા, એટલામાં સામેથી પોતાના માતુશ્રી કમલપ્રભાને ઉંબર રાણાએ જોયા. જોતાની સાથે તેઓની આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાયાં. તેઓ બોલ્યા 'અહો આજે વાદળ વિના મેઘવૃષ્ટિ થઈ,' આમ કહીને તેમણે માતાના ચરણોમાં પોતાનું માથું મૂક્યું. મદનાસુંદરી પણ પોતાના સાસુને બહુમાનપૂર્વક નમી પડ્યા. પોતાનાં પુત્રનું શરીર કંચન જેવું નિર્મળ જોઈ માતાને ખૂબ જ આનંદ થયો.

શ્રીપાલકુમારે માતાને કહ્યું: 'આ બધો ઉપકાર આ તારી વહુનો છે' એ સાંભળી મદનાએ કહ્યું: 'માતાજી ! શ્રી નવપદજીની ઉત્તમ આરાધનાનો આ પ્રભાવ છે, અને

ગુરુમહારાજનો આ ઉપકાર છે'. આ સાંભળી માતા કમળપ્રભા ખૂબ હર્ષ પામ્યા. તેમણે કહ્યું, 'વત્સ! કૌશાંબીમાં ગયા પછી ત્યાં તારા બધા સમાચાર વિસ્તારથી જાણ્યા, તેથી હું તરત જ અહિં આવી ' આમ કહી માતાએ પુત્ર તેમજ પુત્રવધૂને આશીર્વાદ આપ્યા

એક દિવસે શ્રીપાલકુમાર પોતાની માતાજીની સાથે જિનમંદિરમાં ચૈત્યવંદન કરતા હતા. મદનાસુંદરી કુમારની પાછળ બેઠા હતા. તે અવસરે મદનાસુંદરીની માતા રૂપસુંદરી મંદિરમાં દર્શન કરવા આવ્યા. દર્શન કરી પાછા વળતાં માતાની દૃષ્ટિ કુમારની પાછળ બેઠેલી પોતાની પુત્રી મદનાસુંદરી પર પડી તરતજ તેમને ખૂબ જ ક્ષોભ થયો. માતાને એ વિચાર આવ્યો, 'શાણી અને ધર્મશીલ મદનાએ આ શું કર્યું? કોઢીયાની સાથે પાણિગ્રહણ કરી એણે આ કોઈ બીજા પુરુષને સ્વીકાર્યો લાગે છે. હા, મારી મદનાએ જરૂર રીતી માર્ગનો ત્યાગ કર્યો!'

આમ વિચારતાં રૂપસુંદરીની આંખોમાં આંસુ ભરાઈ આવ્યા. પ્રભુજીની સન્મુખ ચૈત્યવંદન કરતા-કરતાં મદનાસુંદરીની દૃષ્ટિ એ બાજુ ગઈ. માતાના હૃદયમાં રહેલા દુઃખને તેઓ જાણી ગયા. ચૈત્યવંદન પૂર્ણ કરી બધા પોતાના આવાસમાં આવ્યા. ત્યા કુમારની માતા કમલપ્રભાએ રૂપસુંદરીને શ્રીપાલકુમારનો બધો પૂર્વ વૃતાંત વિસ્તારથી કહી સંભળાવ્યો. આ સાંભળી રૂપસુંદરીને અતિશય આનંદ થયો. મદનાસુંદરીએ પોતાની માતાને કહ્યું. 'માતાજી! તારી દીકરી થઈને હું આવું અકાર્ય કરું એ બને કે? સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગે, પણ જૈન ધર્મને જાણનારી તારી દીકરી આવું અકાર્ય ન

જ કરે. શ્રી નવપદજી ભગવંતના પ્રભાવથી તારા જમાઈનો રોગ ગયો અને તેઓ નિરોગી થયા છે.' મદનાનાં વિનય પૂર્વકનાં વચનો સાંભળી રૂપસુંદરીનો આત્મા પ્રસન્ન થયો.

મદનાના મામા પુણ્યપાલને આ સમાચાર મલ્યા. તેઓ શ્રીપાલકુમાર તેમજ મદનાને મહોત્સવપૂર્વક પોતાના આવાસમાં લાવ્યા. શ્રીપાલકુમાર ત્યાં દોગુંદક દેવની જેમ સુખો ભોગવી રહ્યા છે.

એક અવસરે, મહેલના ગોખમાં શ્રીપાલકુમાર અને મદના બેઠા હતા. તેટલામાં નગરમાં ફરવા નીકળેલા પ્રજાપાલ રાજાની દૃષ્ટિ ગોખ પર પડી. કુમારની સાથે બેઠેલા મદનાસુંદરીને જોતાં જ પ્રજાપાલ રાજાને વિચાર આવ્યો. 'હા, મારી મદનાએ જરૂર મારા કુલને મલીન કર્યું. એક તો ક્રોધમાં આંધળા બનીને મેં અયોગ્ય કર્યું, અને કામમાં અંધ બની મદના આ કોઈ બીજા પુરુષને લઈને રહી છે. ખરેખર ક્રોધ અને કામની અંધતા ભયંકર છે.' આમ વિચારતાં પ્રજાપાલ રાજા અકળાઈ ઉઠ્યો. એના મુખ પર વિષાદની છાયા ફરી વળી.

રાજાના વિષાદને જાણી પુણ્યપાલ તરત નજીક આવ્યા, અને રાજાને પોતાના આવાસમાં માનપૂર્વક લઈ ગયા. ત્યાં પુણ્યપાલે વિસ્તારથી બધું વૃત્તાંત કહી સંભળાવ્યું અને કહ્યું: 'સ્વામિન્! ધર્મશીલ મદનાની પુણ્યાઈથી અને શ્રી નવપદજીના પ્રભાવે જમાઈનો રોગ ગયો છે. આ આપના જમાઈ તો અંગરાજ સિંહરથ રાજાના પુત્ર શ્રીપાલકુમાર છે. અને એમની માતા કમલપ્રભા એ કોંકણના રાજા વસુપાલના નાના

બેન થાય.' આ બધુ જાણીને પ્રજાપાલ રાજા શરમાઈ ગયા. તેમણે મદનાને કહ્યું; 'વત્સે! તું ધન્ય છો, તું જ તત્ત્વની યથાર્થ જ્ઞાતા છો, તેં મારા કુલને અજવાળ્યું, અને જૈન ધર્મની તેં અનુપમ પ્રભાવના કરી, બ્હેન! અજ્ઞાનથી ઘેરાયેલા અને અહંકારથી વિવેક રહિત બની મેં તારો જે અપરાધ કર્યો છે તેને તું ખમજે!'

મદનાસુંદરી લજ્જાથી નમ્ર બની આ બધું સાભળી રહ્યા. ખૂબ જ વિવેકપૂર્વક જવાબ આપતાં તેમણે કહ્યું–'પિતાજી' આપ મારા ઉપકારી છો, આપે આ વિષે સ્હેજ પણ ખેદ ન કરવો. જે કાંઈ આ બન્યું છે તે કર્મના યોગે જ બન્યું છે, માટે કોઈએ એમ ગર્વ ન કરવો જોઈએ કે 'મેં આમ કર્યું અને મારૂં ધારેલુ થયું.' કારણ કે, દેવ, દેવેન્દ્રોએ કરેલું પણ કર્મના યોગે વિપરીત બને છે, માટે પિતાજી! શ્રી જિનેશ્વર દેવે કહેલાં ઉત્તમ તત્ત્વોને આપ સમજો! અને જૈન ધર્મને અંગીકાર કરો.' મદનાની આ વાત સાંભળી જૈન ધર્મ પ્રત્યે રાજાને પ્રેમ થયો, અને તેણે જૈનધર્મ સ્વીકાર્યો.

ત્યારબાદ રાજાએ શ્રીપાલકુમાર તેમજ મદનાસુંદરીને હાથી પર બેસાડી પોતાના રાજમહેલમા પ્રવેશ કરાવ્યો. તે વેળા ઉજ્જયિની નગરીના લોકો મદનાસુંદરીની, શ્રીપાળ કુમારની, તેમજ જૈન ધર્મની, અનેક મુખે પ્રશંસા કરતા થાકતા નથી. આમ ચોમેર જૈન ધર્મની અનુપમ પ્રભાવના ખૂબ ખૂબ વિસ્તારને પામી.

ધન્ય મદનાસુંદરીની દૃઢતાને!

૬

એક અવસરે શ્રીપાળકુમાર રયવાડીએથી ફરીને પાછા

આવ્યા. તે વેળા કુમારનાં મુખ પર વિષાદ જોઈ માતા કમલપ્રભાએ કુંવરને હેતપૂર્વક તેનું કારણ પૂછ્યું. જવાબમાં શ્રીપાલે માતાને કહ્યું: 'માતાજી, આજે નગરીમાં ફરતાં મેં લોકના મુખેથી જે સાંભળ્યું તેથી મને દુઃખ થયું છે. માતાજી ! હું તારા નામથી કે મારા પિતાનાં નામથી અહિં ઓળખાતો નથી પણ પ્રજાપાલ રાજાના જમાઈ તરીકે ઓળખાઉં છું. આ મને હીણું લાગે છે, માટે હું અહિંથી નીકળી પરદેશ જવા ઈચ્છુ છું.'

માતાએ આ સાંભળી, કુંવરને પરદેશ નહિ જવા ઘણું સમજાવ્યા, છતાં શ્રીપાલકુમારે માતાને વિનયપૂર્વક પોતાનો નિશ્ચય કહી દીધો. માતાએ કહ્યું; 'હું પણ તારી સાથે આવું.' જવાબમાં કુમારે માતાને કહ્યું; 'માતાજી પરદેશમાં તમને અનુકૂળતા નહિ રહે. તેમજ તમારી સાથે હું સ્વતંત્ર રીતે ગમે તે સ્થાનમાં નહિ ફરી શકું. આપ અહિં રહો. અને વહુ તમારી બહુમાનપૂર્વક સેવા કરશે.' મદનાસુંદરીએ પણ પતિની આજ્ઞા માથે ચડાવી. જતી વેળાયે કમલપ્રભાએ શ્રીપાલકુમારને આશીર્વાદ આપ્યા. અને કહ્યું.' વત્સ ! તારા માર્ગનું મંગળ હો. તારા શ્રેયને માટે હું શ્રીનવપદ ભગવંતનું હંમેશા સ્મરણ કરતી રહીશ.'

મદનાસુંદરી પણ પતિને કહે છે. 'સ્વામિન્ ! હું પણ આપના કલ્યાણને માટે શ્રીસિદ્ધચક્રજીનું પવિત્ર સ્મરણ હંમેશા કરીશ. આપ પણ શ્રી અરિહંતદેવ આદિ નવપદ ભગવતને મનથી કદિ ભૂલશો નહિ. તેમજ આપના માતાજીને આપ યાદ કરતા રહેજો. તેમ કોઈ વખત આ આપની દાસીને પણ યાદ કરજો !'

આ રીતે શ્રીપાળકુમારે સારા મૂહર્ત્તે ઉજ્જયિનીથી પ્રયાણુ કર્યું, તેઓ ગામ, શહેર, જંગલ, પહાડ, તેમજ નદી, નાળાં લંઘતાં આગળ વધતા રહ્યા. કેવળ પુણ્યની સહાયથી શ્રીપાલકુમાર જ્યાં જાય છે, ત્યાં અનેક પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત કરતા રહે છે. રસ્તામાં કુમારને જલતરણી અને શાસ્ત્રનિવારિણી-ઔષધિઓ પ્રાપ્ત થઈ. અને સુવર્ણસિદ્ધિ એમના પ્રભાવે સિદ્ધ થતાં, સાધકે તેઓને અનિચ્છા છતાં આગ્રહ કરી, સુવર્ણ આપ્યું. આ રીતે ફરતાં તેઓ ભરૂચ શહેરમાં આવ્યા.

કોશાંબીનો ધનકુબેર વ્યાપારી ધવલશેઠ ૫૦૦ વહાણોમાં માલ ભરીને ભરૂચ આવ્યો છે. તેણે ખુબ કમાણી કરી છે. નવા કરીયાણાઓથી વહાણો ભરી દરીયામાર્ગે તેણે આગળ પ્રયાણ આરભ્યું છે. પણ તેના વહાણો દરીયામાં સ્થંભી ગયા હોવાથી ચાલતા નથી. પણ શ્રીપાલકુમારે શ્રીનવપદ ભગવંતના પ્રભાવથી ધવલનાં વહાણો ચાલતા કર્યાં. અને ત્યારબાદ ધવલની સાથે શ્રીપાલકુમાર બર્બરકૂલ આવ્યા.

ત્યાં ધવલને રાજાના માણસોથી છોડાવી કુમારે મહાકાલ રાજાને જીતી લીધો. રાજાએ પોતાની પુત્રી મદનસેના શ્રીપાલને પરણાવી. ત્યાંથી ધવલની સાથે શ્રીપાલકુંવર રત્નદીપ આવ્યા.

રત્નદીપમાં રત્નસંચયા નગરી છે. તે નગરીમાં કનકકેતુ રાજા છે. શ્રીપાલકુમાર તે નગરીમાં જઈ શ્રી ઋષભદેવ સ્વામીનાં દેરાસરના દ્વાર ઉઘાડે છે. રાજા કનકકેતુએ પોતાની પુત્રી મદનમંજૂષા શ્રીપાલને પરણાવી. તે નગરીમાં રહી

શ્રીપાલકુમાર અનેક સુખો ભોગવે છે. ત્યાં ધવલ રાજાના ગુન્હામાં આવ્યો છે. અને શ્રીપાલકુમાર ધવલને કૃપાથી છોડાવે છે.

ત્યાંથી નીકળી શ્રીપાલકુમાર દરીયામાર્ગે આગળ વધ્યા. ધવલ શેઠ વહાણમાં જોડે-જોડે કુમારની સુંદર સ્ત્રીઓ, ઋદ્ધિ, વૈભવ બધું જોઈ ઇર્ષ્યાથી બળતો રહે છે. શ્રીપાલકુંવરને મારી, તેમની સંપત્તિ લઈ લેવાની દુષ્ટ વૃત્તિ તેનાં પાપી હૃદયમાં જાગે છે. એક રાત્રે શ્રીપાલકુમારને દુષ્ટ હેતુપૂર્વક બોલાવી ધીરે રહી. કુમારને દરીયામાં તેણે નાખી દીધા. પણ નવપદજીના પ્રભાવે કુમાર, મગરમચ્છની પીઠ પર પડ્યા. અને દરીયામાં આગળ વધતા તેઓ કોંકણ દેશમાં થાણા નગરીના કિનારે આવ્યા.

થાણા નગરીના વસુપાલ રાજાએ જોશીના વચન પ્રમાણે શ્રીપાલકુમારની સાથે પોતાની પુત્રી મદનમંજરીનું પાણિ-ગ્રહણ કરાવ્યું. અને વસુપાલ રાજાની રાજસભામાં શ્રીપાલ-કુમારે ગૌરવભર્યું સ્થાન મેળવ્યું. ખરેખર પુણ્યનો પ્રભાવ અજબ છે.

આ બાજુ પાપી ધવલે શ્રીપાલકુમારને દરીયામાં નાખી-ને પોકો મૂકવા માંડી. શ્રીપાલકુમારની બન્ને સ્ત્રીઓ પતિના અચાનક દરીયામાં પડવાથી ખૂબ જ શોકાતુર બની. પણ નવપદજીના પ્રભાવે શ્રી ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઈ તે બન્નેને આશ્વાસન આપ્યું. અને ધવલને પણ શિક્ષા કરી. અવિચ્છિન્-નતાના યોગે ધવલના વહાણો થાણાના કિનારે આવી પહોંચ્યા.

વહાણ પરથી ઉતરી, ધવલ શેઠ રાજસભામાં આવ્યો. પણ ત્યાં શ્રીપાલકુમારને જોઈ, તેનાં પેટમાં તેલ રેડાયું. કાંઈ

માતા જ્યાં આમ કહે છે, એટલામાં બારણે ઉભેલા શ્રીપાલ મહારાજા મકાનનાં બારણાને ટકોરા મારતાં બોલ્યા; 'માતાજી બારણું ઉઘાડો.' કમલપ્રભાએ તરત જ બારણું ઉઘાડયું. શ્રીપાલ મહારાજાને જોઈ માતાનું હૃદય સ્નેહથી ભરાઈ આવ્યું. મદનાસુંદરી પણ પતિનાં દર્શનથી અતિશય આનંદ પામ્યા.

શ્રીપાલમહારાજા, મદનાસુંદરીનાં હૃદયની ધર્મશ્રદ્ધા જોઈ-સાંભળી પરમ પ્રમોદ પામ્યા, અને માતાજીનાં ચરણોમાં નમી, તેમણે પોતાનો બધો વૃતાંત કહી સંભળાવ્યો. ત્યારબાદ, શ્રીપાલ મહારાજા માતા તેમજ મદનાસુંદરીને આકાશમાર્ગે નગરીની બહાર પોતાના પડાવમાં લાવ્યા.

શ્રીપાલ મહારાજાની આઠે સ્ત્રીઓ પોતાના સાસુ કમલપ્રભાનાં ચરણોમાં બહુમાનપૂર્વક નમી પડી. સાસુએ વહુઓને હૃદયના વાત્સલ્યપૂર્વક પ્રેમાળ આશીર્વાદ આપ્યા. બાદ મદનાસુંદરીને આઠે વહુઓએ ચરણોમાં પડી, વંદન કર્યું.

નગરમાં પ્રજાપાલ રાજાને સમાચાર મળ્યા કે, 'કોઈ મહાન રાજાએ પોતાની વિશાલ સેના સાથે નગરને ઘેરી લીધું છે' આથી ભયભીત રાજાએ મંત્રીઓની સાથે વિચાર કરી, શ્રીપાલ મહારાજાની પાસે દૂતદ્વારા શરણાગતિ માંગી. શ્રીપાળ મહારાજાએ પણ એના જવાબમાં પ્રજાપાળ રાજાને દૂત દ્વારા સંદેશો મોકલ્યો; 'જો તમે ખભા પર કુહાડો મૂકી, તમારા પરિવારની સાથે અમારી છાવણી પર આવો તો તમારી સાથે અમારે યુદ્ધ કરવું નથી.''

બીજે દિવસે સવારે પ્રજાપાલ રાજા, મંત્રી, સામંતઆદિ

પડી. ધ્રૂસકે ધ્રૂસકે રોતી સુરસુંદરીને, માતાએ આશ્વાસન આપ્યું, તે વેળા વાતાવરણમાં ગંભીરતા વ્યાપી ગઈ. તેમજ નાટકના આનંદ કરતા લોકોનું ચિત્ત સુરસુંદરીની આ સ્થિતિથી અતિશય ખિન્ન બન્યું.

અવસર મેળવીને રાજાએ સુરસુંદરીને બધો વૃતાંત પૂછ્યો; જવાબમા લજ્જાથી જમીન પર દૃષ્ટિ નાંખીને સુરસુંદરીએ પોતાની કથા આ પ્રમાણે કહેવા માંડી—

‘પિતાજી! મહોત્સવપૂર્વક આપે મને શંખપુરીના યુવરાજની સાથે પરણાવીને જમાઇની સાથે ઠાઠથી મને વિદાય કરી. એ વેળા નગરીના લોકો મારી, આપની, મારા માતાની, ઉપાધ્યાયની તેમજ આપના જમાઇની પ્રશંસા કરતાં થાકતા ન હતા, હું પણ મારી હુશીયારીના ગર્વથી તે વેળા માતી ન હતી ’

‘પણ પિતાજી! ભાવિ આગળ સહુ નિરૂપાય બને છે અમે થોડા દિવસોમા શંખપુરીની નજીક પહોચ્યા. બીજે દિવસે સારા મુહૂર્તે અમારે નગરીમાં પ્રવેશ કરવાનો હતો. થોડા માણસોની સાથે અમે નગર બહાર રહ્યા. અચાનક ધાડપાડુઓએ અમારા મુકામ પર ધાડ પાડી, એ અવસરે આપના જમાઈ મને એકલી નિરાધાર મૂકીને નાશી ગયા. એટલે ધાડપાડુઓએ મને પકડી લીધી, અને મારા અંગ પરના દર-દાગીના લૂંટી, મને નેપાલ દેશમાં વેચી. ત્યાંથી કોઈ વ્યાપારીએ મને ખરીદીને બબ્બર કુલમા લાવી વેશ્યાને ત્યાં વેચી. એ વેશ્યાએ મને નાચ, ગાન આદિમાં પ્રવીણ કરી. છેવટે મને ત્યાંથી તેણે બબ્બર કુલમા રાજા મહાકાલને સોંપી. રાજાએ મને નાટક મંડળીની મુખ્ય નટી બનાવી.

છેવટે જ્યારે શ્રીપાલ કુમારને પોતાની પુત્રી મદનસેનાના પાણિગ્રહણના દાયજામાં રાજાએ અમારી મંડળીને સોંપી, ત્યારે તે સાથે મને પણ સોંપી. અને શ્રીપાલ મહારાજાની સાથે દેશ-પરદેશમાં ફરતી-ફરતી હું અહિં આવી. આજે આ બધા કુટુંબી લોકોને જોતાં મારું હૃદય દુઃખથી ઉભરાઈ આવ્યું.' આમ બોલતાં બોલતાં સુરસુંદરી સંતાપથી ખિન્ન બની.

થોડીવાર બાદ ધૈર્યથી તેણે ફરી કહ્યું, 'પિતાજી! તે વેળા મારી પ્રશંસા અને મદનાની અવહેલનાથી ગર્વિષ્ઠ બની મૂર્ખ એવી મેં જે ગર્વ કર્યો હતો. તે મારા ગર્વમાનને કર્મે આજે ભાંગી નાખ્યો, પિતાજી! પૂર્વકૃત દુષ્કર્મના યોગે હું આ બધી વિડંબનાઓ પામી. ખરેખર પૂર્વકૃત કર્મના શુભાશુભ પરિણામ આગળ કોઈનું કાંઈ ચાલતું નથી.'

'પિતાજી! મારી સુશીલ અને વિવેકી બેન મદનાસુંદરી ખરેખર ધન્ય છે. જૈનધર્મની સુંદર આરાધનાનું ફળ તેણે આ ભવમાં પ્રાપ્ત કર્યું. જ્યારે ધર્મની વિરાધનાનું પરિણામ મેં મારા જીવનમાં આ રીતે ભોગવ્યું. મદનાનું શીલ, તેની દૃઢતા અને તેનું જ્ઞાન એ ઉત્તમ ગુણો. એના આત્માને ઉપકારક બન્યા. જ્યારે મિથ્યાત્વ મોહ અને અભિમાન મારા આત્માને ડૂબાડનારા બન્યા.' આ રીતે સુરસુંદરીએ ખુબ જ દુઃખતાથી પોતાની કહાણી કહી.

ઉજ્જયિનીના રાજા વિગેરે આ બધા ધર્મના પ્રભાવને જાણી, સમાજ. ધર્મઆરાધનામાં વિશેષ દૃઢ બન્યા.

૯

ઉજ્જયિનીમાં શ્રીપાલ મહારાજાનો અનેક પ્રકારના સુખ, ભોગમા કેટલોયે કાલ વીતી ગયો. એક વાર શ્રીપાલ મહારાજાએ મતિસાગર મંત્રીના આગ્રહથી પોતાનાં પિતાનાં રાજ્યને લેવા અંગદેશ બાજુ પોતાની વિશાલ સેનાની સાથે પ્રયાણ કર્યું.

અંગદેશની ચંપાનગરી શ્રીપાલ મહારાજાની જન્મભૂમિ છે. શ્રીપાલ રાજાના કાકા અજિતસેને શ્રીપાલ મહારાજાનાં બાળપણામાં છળ કરી તેમનું રાજ્ય લઈ લીધુ હતું. શ્રીપાલ રાજાએ અજિતસેન રાજાની સાથે યુદ્ધ કર્યું. શ્રીપાલની વિશાળ સેનાની આગળ અજિતસેનનું સૈન્ય નાશી છૂટયું. એટલે અજિતસેન રાજાને પકડીને શ્રીપાલના ૭૦૦ સાથીઓએ શ્રીપાલરાજાની આગળ આણ્યા. શ્રીપાલરાજાએ પોતાના કાકા અજિતસેન રાજાને માનપૂર્વક છોડી દીધા.

તે સુઅવસરે પૂર્વ ભવની ઉત્તમ પ્રકારની આરાધનાના યોગે અજિતસેન રાજાનાં હૃદયમાં એ પ્રકારની સુંદર વિચારણા જાગ્રત થઇ, 'હા, હા મેં કેવું અધમ આચરણ આચર્યું ! ક્યાં પરદ્રોહમાં તત્પર મહાપાપી એવો હું વૃધ્ધ અને ક્યા પરોપકારમાં તત્પર બાળક એવો આ શ્રીપાલ! ખરેખર સંસારમાં હું અધમાધમ છું. ગોત્રદ્રોહ, બાલદ્રોહ અને રાજદ્રોહનાં પાપો મેં આચર્યાં છે. મારા જેવા પાપીને માટે નરકાવાસ સિવાય બીજે સ્થળ ક્યાંથી? માટે હવે હું આ બધા પાપથી મારા આત્માને નિર્મળ કરવા સંયમ લઉં !' આમ શુભ ભાવનામાં ભાવિત બનેલા અજિતસેન રાજા જાતિ સ્મરણ જ્ઞાનને પામી, ભાવ ચરિત્રને પામ્યા.

મુનિવેશને સ્વીકારી અજિતસેન મુનિ ત્યાં કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. ત્યાં સમરભૂમિ પર ભાવસાધુપણું પામેલા રાજર્ષિ અજિતસેનને. શ્રીપાલ મહારાજાએ ભાવપૂર્વક વંદન કર્યું. રાજર્ષિ અજિતસેન મુનિ ત્યાંથી બીજે વિચર્યા. અને શ્રીપાલરાજા ચંપાનગરીમાં આવ્યા. ચંપાના સિંહાસન પર ફરી શ્રીપાલરાજાનો રાજ્યાભિષેક થયો. અને મતિસાગર મંત્રીપદે આવ્યા. પોતાના ઉપકારી ૭૦૦ ઉંબરોને શ્રીપાલ રાજાએ પોતાના સામંત રાજા બનાવ્યા. તેમજ ધવલ શેઠના પુત્રને ચંપાનગરીના નગરશેઠપદે સ્થાપ્યા. શ્રી નવપદ ભગવંતના મહાત્મ્યથી ચંપાનગરીમાં પોતાના વિશાલ પરિવારની સાથે રાજ્યસુખ ભોગવતાં શ્રીપાલરાજાનો એ રીતે કેટલાક કાલ ચાલ્યો ગયો.

એક અવસરે ચાર જ્ઞાનને ધરનાર શ્રી અજિતસેન સૂરિ પોતાના પરિવારની સાથે ચંપાનગરીનાં ઉદ્યાનમાં પધાર્યા. શ્રીપાલ રાજા પોતાના પરિવારની સાથે આચાર્ય મહારાજને વંદન કરવા આવ્યા. આચાર્ય મહારાજની ધર્મદેશના સાંભળી શ્રીપાલ રાજાએ પૂછ્યું. 'ભગવન્! ક્યા કર્મના યોગે બાલ્યવયે મને કોઢ થયો? ક્યા સુકર્મથી તે ચાલી ગયો? અને ક્યા શુભ કર્મથી હું સ્થાને સ્થાને ઋદ્ધિ પામ્યો? તેમજ ક્યા અશુભ કર્મથી હું સાગરમાં પડ્યો? તથા ડુંબનાં કલંકને પામ્યો? તે કૃપા કરીને મને ફરમાવો!'

આચાર્ય મહારાજે ફરમાવ્યું: 'શ્રીપાલ! આ સંસારમાં જીવોને પૂર્વકૃત કર્મના યોગે સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે. ભવાંતરમાં જીવે જેવું કર્મ કર્યું હોય તેવું તેને ભોગવવું

પડે છે, એ કારણથી જ તારા જીવનમાં આ બધું બન્યું છે, તો તું તારા પૂર્વ ભવને સાંભળ !—

'આ ભરતક્ષેત્રમાં હિરણ્યપુરનગરમાં શ્રીકાંત નામે રાજા હતો. તે રાજાને શ્રીમતી આદિ સ્ત્રીઓ હતી. શ્રીકાંત શિકારનો ખૂબ જ વ્યસની હોવાથી દરરોજ પોતાના ૭૦૦ માણસોની સાથે જંગલોમાં શિકારને માટે જાય છે. જૈન ધર્મમાં નિપુણ ધર્મશીલ તેની પત્ની શ્રીમતી શ્રીકાંતને વારંવાર આ રીતે જીવહિંસા નહિ કરવા સમજાવે છે. પણ વ્યસનને આધીન એવો શ્રીકાંત, આ સાંભળવા છતાં તેને ગણકારતો નથી.'

'એક વાર શ્રીકાંત પોતાના માણસોની સાથે જંગલમાં શિકાર કરવા નીકળ્યો રસ્તામાં કાયોત્સર્ગ ધ્યાને રહેલા મુનિવરને તેણે જોયા. પણ અજ્ઞાનના યોગે રાજા બોલ્યો; 'આ ચામરવાળો કોઢીયો અહિં કેમ ઉભો છે ?' આ સાંભળી રાજાની સાથેના માણસોએ મુનિવરની તર્જના કરી, છતાં કરુણાસાગર તે મહાપુરુષ શાંતરસમાં લીન જ રહ્યા. ફરી કોઈવાર રાજા શિકાર માટે નીકળ્યો. અને શિકારમાં તેણે એક હરણની પૂઠ પકડી તેની પૂંઠે જતાં તે ખૂબ જ દૂર નીકળી પડ્યો. તે થાક્યો, છતા તે હરણ હાથમાં ન આવ્યું, અને વચ્ચે નદી આવી. હરણ નદીની આગળ ઝાડીમાં ઘુસી ગયું. રાજા નદીનાં તટે આવ્યો. તેટલામાં કાંઠા પર કાઉસ્સગ્ગમાં ઉભેલ મુનિરાજને રાજાએ જોયા. અજ્ઞાનતાથી રાજાએ તે મુનિરાજને ધક્કો મારી નદીમાં ફેંકી દીધા. થોડીવાર બાદ રાજાના હૃદયમાં શુભ પરિણામ આવ્યા. એટલે તે મહર્ષિને નદીમાંથી બહાર કાઢી, ખમાવી રાજા નગરમાં પાછો આવ્યો.'

'શ્રીકાંત રાજાએ હૃદયની સરળતાથી આ બધી વાત શ્રીમતીને કરી. વિવેકશીલ અને જ્ઞાની રાણીએ રાજાને કહ્યું: "સ્વામિન્! તમે આ બહુ જ અયોગ્ય કર્યું છે. કારણ કે, સંયમધારી સાધુ મુનિરાજની આશાતના, તર્જના કે ઘાત કરવાથી સમસ્ત ગુણોનો ઘાત થાય છે. અને આત્મા દુર્ગતિમાં પડે છે.' રાણીના આ કથનથી રાજાને પોતાનાં પાપનો આથી ખૂબ પશ્ચાત્તાપ થયો અને 'ફરી આવું નહિં કરું' એમ રાણીની સમક્ષ તેણે જણાવ્યું.'

'ફરી કોઈ વાર રાજા પોતાના મહેલમાં બેઠો બેઠો નગરચર્યા જોઈ રહ્યો છે, તે અવસરે એક મુનિરાજ રાજરસ્તેથી જઈ રહ્યા છે. મહર્ષિને જોતાં જ રાજાના હૃદયમાં અજ્ઞાનના યોગે દુર્ભાવના જાગી. તરત જ પોતાના સેવકોને બોલાવી તેણે આદેશ કર્યો: "જાઓ, પેલા મુનિને પકડી નગર બહાર મૂકી આવો." સેવકો રાજાના આદેશથી જ્યાં તે મહર્ષિને પકડે છે, એટલામાં શ્રીમતીએ જાણ્યું. અને રાજાને ખૂબ ખૂબ ઠપકો આપ્યો.'

'આથી રાજાનો આત્મા કંઈક પીગળ્યો. તેથી તેણે તે મહર્ષિને આદરપૂર્વક પોતાના આવાસમાં બોલાવ્યા. રાજારાણીએ વંદન કરી પોતાના આ દુષ્કૃતની ક્ષમા માગી. મુનિવરે સમતાપૂર્વક ફરમાવ્યું: "મહાનુભાવો! મુનિરાજની આશાતના, તર્જના કે હિલના કરવાથી ખૂબ જ ચીકણા કર્મ બંધાય છે, અને જો પાપ કરનાર આત્મા પશ્ચાત્તાપની શુદ્ધ ભાવનાથી પાપનો ક્ષય કરી પોતાના આત્માને નિર્મળ કરે છે." આમ ઉપદેશ આપી, તે મુનિરાજે વિહાર

જે જીભ પરમાત્માના ગુણગાનમાં તત્પર નથી, તે જીભ મુંગી હોય તો સારી છે. જે શરીર ધર્મની સેવામાં કામ આવતું નથી, તે શરીર રોગી હોય તો સારૂં છે, અને જે ધન પરોપકારમાં કામ ન આવે તે કરતાં નિર્ધનપણું સારું છે.

જે મૂઢ આત્મા દુષ્પ્રાપ્ય એવા મનુષ્ય ભવને પામીને યત્નવડે ધર્મને કરતો નથી, તે મહાક્લેશથી પ્રાપ્ત થયેલા એવા ચિંતામણિ રત્નને પ્રમાદથી સમુદ્રમાં નાંખી દે છે.

અંતકાલે જેણે શ્રી નવપદજીનું સ્મરણ કર્યું છે, તેણે સુખને આમંત્રણ કર્યું છે, અને સકલ દુઃખને હમેશને માટે તિલાંજલિ દીધી છે.

આગ લાગે ત્યારે કૂવો ખોદવો જેમ અશકય છે, તેમ મરણ પ્રાપ્ત થયે ધર્મ સાધવો પણ અશકય છે.

ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારભેલું કાર્ય ત્યાં સુધી જ થતું નથી કે, જ્યાં સુધી શ્રી નવપદ ભગવંતનું સ્મરણ કરવામાં આવ્યું નથી.

શ્રી નવપદ ભગવંતના પ્રભાવથી વ્યાધિ, જલ, અગ્નિ, તસ્કર, સિંહ આદિના ભયો નાશ પામે છે.

શ્રદ્ધા અને બહુમાનપૂર્વક ધન્ય પુરૂષોના મનોભવનમાં વર્તતા શ્રી નવપદ ભગવંતરૂપી દીપક મિથ્યાત્વરૂપી તિમિરને હરી લે છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયના ભાજન-સ્વરૂપ મનુષ્યપણામાં કેવળ અર્થ અને કામની આરાધના એ સુવર્ણના પાત્રમાં મદિરા ભરવા બરોબર છે.

ગારૂડીનો, મંત્ર જેમ સર્પના વિષનો નાશ કરે છે, તેમ શ્રી નવપદ ભગવંત, સમસ્ત પાપરૂપી વિષનો વિનાશ કરે છે.

જેઓનાં મનરૂપી વનની કુંજમાં શ્રી નવપદરૂપી કેશરી કિશોર રમણ કરે છે તેઓને અનિષ્ટ એવી દુર્ઘટ વિધિની ઘટનાઓ નડતી નથી.

જન્મ, જરા અને મરણથી દારૂણ એવા ભવારણ્યમાં મંદ પુણ્યવાળાઓને શ્રી નવપદ ભગવંતની આરાધના કદિ પ્રાપ્ત થતી નથી.

શ્રી નવપદ ભગવંત એ સર્વ ધ્યેયોમાં પરમ ધ્યેય છે. સર્વ મંગલોમાં પરમ મંગલ છે. સર્વ પુણ્યોમાં પરમ પુણ્ય છે અને સર્વ ફલોમાં પરમ ફલ છે.

દીર્ઘકાળ સુધી તપને તપ્યા, ચારિત્રને પાળ્યું અને ઘણા શાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો પણ શ્રી નવપદ ભગવંત પ્રત્યે રતિ ઉત્પન્ન ન થઇ તો સર્વે નિષ્ફલ જાણું.

વિપત્તિઓ એ સાચી વિપત્તિ નથી અને સંપત્તિઓ એ સાચી સંપત્તિ નથી. શ્રી નવપદ ભગવંતનું વિસ્મરણ એ જ વિપત્તિ છે અને શ્રી નવપદ ભગવંતનું સ્મરણ એ જ સાચી સંપત્તિ છે.

જ્ઞાનરૂપી ઘોડાથી જોડાયેલો અને શ્રી શ્રદ્ધારૂપી સારથીથી હંકાએલો તપ, નિયમ અને સંયમરૂપી રથ નિર્વૃતિનગરમાં લઈ જાય છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જે આત્માને, શ્રી નવપદ ભગવતની આરાધના પ્રાપ્ત થાય છે, તેની નરકગતિ અને તિર્યંચ ગતિ અવશ્ય રોકાઈ જાય છે.

શ્રી નવપદજીના પ્રભાવથી ચોરો રક્ષક બને છે, ગ્રહો અનુગ્રહ કરે છે અને શુકનો શુભ શુકનો બને છે.

શ્રી નવપદજીની આરાધના કલ્પવૃક્ષ અને રત્નચિંતામણિ કરતાં અધિક છે. કલ્પવૃક્ષ આદિ એક જન્મનાં સુખ માટે છે. જ્યારે શ્રી નવપદજી, સ્વર્ગ અને અપવર્ગ પણ આપે છે.

જે આત્મા ભાવથી શ્રી નવપદજીની આરાધના કરે છે, તથા વિધિપૂર્વક શ્રી જિનેશ્વરદેવને પૂજે છે, તે આત્મા અવશ્ય તીર્થંકર નામગોત્ર બાંધે છે.

શ્રી નવપદની આરાધના કરનાર ત્રણ ગુણવાળો હોય. ખંતો, દંતો અને સંતો, ક્રોધાદિ પર કાબૂવાળો, ઇંદ્રિયોને દમનારો અને મનના નિગ્રહવાળો, આવો આરાધક, આરાધનાનું સાચું ફલ મેળવે છે.